મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

G T NEWS ગરવી તાકાત LIVE

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૨૫-૦૨-૨૦૨૬
બુધવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૩૧૦
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૨

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com • • RNI No. GUJGUJ/2015/61367

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના
સમાચાર વાંચો વેબ પોર્ટલ
ઉપર આંગણીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને
તમારા ગામના કે શહેરના
લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર
તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

## બહુચરાજી તાલુકાના કનોડા ગામે ક્રૂડ ઓઇલ પાઇપલાઇન લીક થતાં તૈયાર ઘઉંનો પાક બરબાદ

# મહેસાણા જિલ્લાના ખેડૂતો પર ONGCની બેદરકારીનું ગંભીર સંકટ

### ૩ વીઘા જમીનમાં ૧૫ ઇંચ સુધી ઓઇલ ફરી વળતાં ખેતીલાયક જમીન પણ ખતમ, ખેડૂત પાયમાલ થવાની ભીતિ







(ગરવી તાકાત) મહેસાણા તા.૨૪

મહેસાણા જિલ્લાના બહુચરાજી તાલુકાના કનોડા ગામે ONGCની ગંભીર બેદરકારી સામે આવી છે. ONGCની મુખ્ય ક્રૂડ ઓઈલ પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા ખેડૂતોના તૈયાર ઘઉંના પાકમાં ભારે પ્રમાણમાં ઓઈલ ફરી વળ્યું છે. આ ઘટનાના કારણે માત્ર પાક જ નહીં પરંતુ જમીનની ફળદ્રુપતા પણ નષ્ટ થતાં ખેડૂત પરિવાર આર્થિક રીતે પાયમાલ થવાની કગાર પર આવી ગયો છે.

કનોડા ગામના સુષ્માબેન પટેલના સર્વે નંબર ૩૫૯ ધરાવતા ખેતરમાંથી ONGCની મુખ્ય પાઈપલાઈન પસાર થાય છે. છેલ્લા ચાર દિવસથી આ પાઈપલાઈનમાં થયેલા લીકેજના કારણે ખેતરમાં મોટા પ્રમાણમાં ક્રૂડ ઓઈલ ફેલાઈ ગયું હતું. અંદાજે ૩ વીઘા જમીનમાં વાવેલો ઘઉંનો તૈયાર પાક ૧૫ ઈંચ જેટલા ઓઈલ હેઠળ દબાઈ જતાં સંપૂર્ણપણે બરબાદ થયો છે. ખેતરનું દ્રશ્ય જાણે ઓઈલનો તળાવ બની ગયું હોય તેવું જોવા મળ્યું હતું.

ખેડૂત બાબુભાઈએ જણાવ્યું હતું કે, તેઓ બહારગામ ગયા હોવાથી ઘટનાની જાણ મોડી થઈ હતી. જ્યારે પરત આવ્યા ત્યારે આખું ખેતર ઓઈલથી ભરાયેલું જોઈ તેઓ સ્તબ્ધ રહી ગયા હતા. ONGCના કર્મચારીઓ બે દિવસ પહેલાં આવીને પાઈપલાઈનના લીકેજનું સમારકામ કરીને ગયા છે, પરંતુ ત્યાં સુધીમાં થયેલું નુકસાન અપરંપાર છે. ખેડૂતના જણાવ્યા મુજબ ક્રૂડ ઓઈલ જમીનમાં લગભગ ૩ ફૂટ ઊંડે સુધી ઉતરી ગયું છે, જેના કારણે જમીનની ફળદ્રુપતા સંપૂર્ણપણે નષ્ટ થઈ ગઈ છે.

ખેડૂતે વધુમાં જણાવ્યું હતું કે હવે આ જમીનને ફરી ખેતીલાયક બનાવવા માટે ૩ ફૂટ સુધીની માટી ખોદીને બહાર કાઢવી પડશે અને નવી માટી ભરવી પડશે.

આ સમગ્ર પ્રક્રિયામાં લાખો રૂપિયાનો ખર્ચ થવાની શક્યતા છે, જે સામાન્ય ખેડૂત માટે અશક્ય સમાન છે. માત્ર પાકના વળતરથી આ નુકસાનની ભરપાઈ શક્ય નથી.

ONGCના અધિકારીઓએ ઘટનાસ્થળની મુલાકાત લઈ નુકસાન અંગે વળતર આપવાની ખાતરી આપી છે, પરંતુ ખેડૂત પરિવારનું કહેવું છે કે પાક ઉપરાંત જમીનના પુનઃસ્થાપન માટેનું યોગ્ય અને સંપૂર્ણ વળતર ન મળે તો ભવિષ્યમાં ખેતી કરવી અશક્ય બની જશે. ONGCની આવી વારંવાર થતી બેદરકારી સામે સ્થાનિક ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

## વિસનગરમાં રમતોત્સવનો મહાકુંભ, વિદ્યાર્થીઓમાં ખેલભાવનાનો ઉમંગ

# સાંકળચંદ પટેલ યુનિવર્સિટીમાં 'SPIRIT–2026' ઇન્ટર કોલેજ સ્પોર્ટ્સ ટૂર્નામેન્ટનો ભવ્ય પ્રારંભ થયો

### ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓની ભાગીદારી, અંડર-૧૯ વર્લ્ડકપ વિજેતા ક્રિકેટરોની પ્રેરક ઉપસ્થિતિ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૪

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ખાતે તારીખ ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ **"SPIRIT–2026"** ઈન્ટર કોલેજ સ્પોર્ટ્સ ટૂર્નામેન્ટનું ભવ્ય અને ઉત્સાહભેર ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝિકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ દ્વારા આયોજિત આ વિશાળ કક્ષાના રમતોત્સવમાં ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો છે.



આ સ્પોર્ટ્સ ટૂર્નામેન્ટ તારીખ ૨૪ ફેબ્રુઆરીથી ૧૦ માર્ચ, ૨૦૨૬ સુધી યોજાનાર છે, જેમાં કુલ આઠ રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આઉટડોર ગેમ્સમાં ક્રિકેટ, કબડ્ડી, વોલીબોલ, ફૂટબોલ અને ટગ ઓફ વોર જ્યારે ઈન્ડોર ગેમ્સમાં બેડમિન્ટન, ટેબલ ટેનિસ અને ચેસની સ્પર્ધાઓ છોકરાઓ તથા છોકરીઓ બંને કેટેગરીમાં યોજાશે.

કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે તાજેતરમાં અંડર-૧૯ ક્રિકેટ વર્લ્ડકપ વિજેતા ભારતીય ટીમના યુવા ક્રિકેટરો ખીલન પટેલ અને વેદાંત ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના પ્રેરણાદાયક સંબોધનમાં અંડર-૧૯ ભારતીય ટીમ સુધીની પોતાની સફરની વાતો શેર કરી અને વિદ્યાર્થીઓને ફિટનેસ, મહેનત, શિસ્ત અને અડગ લગનથી જીવનમાં સફળતા પ્રાપ્ત કરવાની પ્રેરણા આપી હતી.આ પ્રસંગે યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી પ્રકાશભાઈ પટેલે પોતાના પ્રવચનમાં રમતગમતના સર્વાંગી વિકાસ માટે યુનિવર્સિટીની દઢ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને ઓલ ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ સહિતની રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓમાં વધુમાં વધુ ભાગ લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. સાથે સાથે યુનિવર્સિટીમાં ઉપલબ્ધ આધુનિક સુવિધાઓ, અનુભવી ફેકલ્ટી અને વિકસતી રમતગમત ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ. પી. એમ. ઉદાણીએ રમતગમતના જીવનમાં રહેલા મહત્વ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, રમતગમત માત્ર શારીરિક સ્વાસ્થ્ય પૂરતું સીમિત નથી પરંતુ તે શિસ્ત, ટીમ વર્ક, નેતૃત્વ અને સકારાત્મક સ્પર્ધાત્મક ભાવનાનો વિકાસ કરીને વિદ્યાર્થીઓના સર્વાંગી વ્યક્તિત્વ ઘડતરમાં મહત્વની ભૂમિકા ભજવે છે.

આ સાથે યુનિવર્સિટીમાં નિર્માણાધીન અત્યાધુનિક "એસ.પી.યુ. સ્પોર્ટ્સ એરેના" અંગે પણ મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. અંદાજે રૂ. ૨૫ કરોડના ખર્ચે વિકસિત થનારા આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટમાં આધુનિક આઉટડોર ગ્રાઉન્ડ, ફેન્સિંગ અને લાઈટિંગ સુવિધા સાથેનું ક્રિકેટ ગ્રાઉન્ડ, આંતરરાષ્ટ્રીય ધોરણનું સ્વિમિંગ પૂલ તેમજ વિવિધ રમતો માટેની અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ બનશે.આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝિકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સની ટીમ દ્વારા સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું છે. શિસ્તબદ્ધ વ્યવસ્થા અને વિદ્યાર્થીઓની ઉત્સાહભેર ભાગીદારીને કારણે **"SPIRIT–2026"**નો પ્રારંભ ગૌરવસભર અને યાદગાર બન્યો છે.

## નાપાસ થયા પછી હિંમત ન હારી, મહેનત અને નવીનતાથી સર્જી અનોખી ઓળખ

# ૭૦૦૦માં થર્મોકોલથી ઉડતું વિમાન બનાવી ૧૭ વર્ષીય કૌશિક ઠાકોરે સૌને ચકિત કર્યા

(ગરવી તાકાત) કડી તા.૨૪

કડી તાલુકાના પીરોજપુર ગામના ૧૭ વર્ષીય કિશોર કૌશિક ઠાકોરે સાબિત કરી બતાવ્યું છે કે શૈક્ષણિક નિષ્ફળતા જીવનની નિષ્ફળતા નથી.

ધોરણ ૧૦ની પરીક્ષામાં નાપાસ થયા બાદ સમાજમાંથી મળતા મેણાં અને ટોણાંને હિંમત અને સર્જનાત્મકતાથી જવાબ આપી કૌશિકે માત્ર ૭૦૦૦ના ખર્ચે થર્મોકોલમાંથી એક ઉડતું વિમાન બનાવી સૌને આશ્ચર્યચકિત કર્યા છે.

કૌશિક ધોરણ ૧૦માં નાપાસ થતાં ઘણા લોકોએ તેને ભણતર વિના કંઈ કરી શકાશે નહીં તેવી ટિપ્પણીઓ કરી હતી. પરંતુ આ નકારાત્મક વાતોએ કૌશિકને તોડી નાંખ્યા નહીં, કંઈક નવું અને અનોખું કરવાની પ્રેરણા આપી.

તેણે ખેડૂત પિતા ધર્મેન્દ્રજી ઠાકોરના ખેતરમાં આવેલી એક ઓરડીમાં પોતાનો પ્રયોગ શરૂ કર્યો.

થર્મોકોલ અને ડ્રોનની મોટરનો ઉપયોગ કરીને કૌશિકે આ વિમાન બનાવ્યું છે.

લગભગ એક મહિનાની સતત મહેનત બાદ તેણે પાંચ ફૂટ લાંબું ઉડતું પ્લેન તૈયાર કર્યું, જે સફળતાપૂર્વક ઉડાન ભરી શકે છે. તેની આ અનોખી સિદ્ધિ હવે ગામ સહિત આસપાસના વિસ્તારમાં ચર્ચાનો વિષય બની છે.

## આદિજાતિ વિસ્તારના વિકાસ માટે રાજ્ય સરકારનો મોટો નિર્ણય

# નર્મદા જિલ્લામાં બે નવા પૂલોને નિર્માણ કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મંજૂરી

### ૦૨.૪૦ કરોડના ખર્ચે ૧૧ ગામોના ૧૮ હજારથી વધુ લોકોને મળશે સરળ અવર-જવરની સુવિધા

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૪

રાજ્યના આદિજાતિ વિસ્તારોના સર્વાંગી વિકાસ અને જનજીવન સુગમ બનાવવા દિશામાં રાજ્ય સરકાર દ્વારા એક વધુ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલએ નર્મદા જિલ્લાના આદિજાતિ વિસ્તારમાં વસતા ગ્રામજનોને જિલ્લા તથા તાલુકા મુખ્ય મથક સાથે સરળ અને સર્વમોસમી કનેક્ટિવિટી મળી રહે તે હેતુસર બે નવા પૂલોના નિર્માણ માટે રૂ.૩૦૨.૪૦ કરોડના કામોને મંજૂરી આપી છે.



આ મંજૂરી મુજબ નર્મદા જિલ્લાના રેંગણ ઘાટથી રામપુરા ઘાટને જોડતા પૂલ માટે રૂ.૧૨૩.૧૩ કરોડ તથા શહેરાવ ઘાટથી તિલકવાડા ઘાટને જોડતા પૂલ માટે રૂ.૧૭૯.૨૭ કરોડના ખર્ચે નિર્માણ કાર્ય હાથ ધરાશે. આ બંને મહત્ત્વાકાંક્ષી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટોથી જિલ્લાના ઉત્તર અને દક્ષિણ ભાગોને જોડતી માર્ગવ્યવસ્થા વધુ મજબૂત બનશે.

આ બે નવા પૂલોના નિર્માણથી તિલકવાડા, વાસણ, રેંગણ, રામપુરા, માંગરોલ, શહેરાવ સહિતના અંદાજે ૧૧ ગામોમાં વસતા ૧૮ હજારથી વધુ લોકો માટે અવર-જવરની સુવિધા નોંધપાત્ર રીતે સુધરશે. ખાસ કરીને ચોમાસાના સમયમાં નદીના વધેલા વહેણના કારણે ગ્રામજનોને થતી મુશ્કેલીઓમાંથી મુક્તિ મળશે. આ વિસ્તારોમાંથી શાળા-કોલેજમાં અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓને પણ વર્ષભર સુરક્ષિત અને સરળ માર્ગ સુલભ બનશે.

એટલું જ નહીં, નાંદોદ અને તિલકવાડા તાલુકામાં દર વર્ષે ચૈત્ર માસ દરમિયાન યોજાતી ઉત્તરવાહિની પરિક્રમામાં જોડાતા લાખો પરિક્રમાવાસીઓને પણ આ બંને પૂલોના નિર્માણથી વિશેષ લાભ મળશે. નવા પૂલો શરૂ થતા પરિક્રમાના માર્ગમાં અંદાજે ૧૭ કિલોમીટરનો ફેરાવો ઘટશે, જેના કારણે સમય અને ઈંધણ બંનેની નોંધપાત્ર બચત થશે.

આ મહત્વપૂર્ણ નિર્ણયથી નર્મદા જિલ્લાના આદિજાતિ વિસ્તારોમાં વિકાસની ગતિને વધુ વેગ મળશે, ગ્રામજનોના દૈનિક જીવનમાં સુવિધા વધશે તેમજ શિક્ષણ, આરોગ્ય અને ધાર્મિક પ્રવાસ જેવા ક્ષેત્રોમાં પણ સકારાત્મક અસર થશે.

## મહેસાણા સાંસદ હરિભાઈ પટેલની ભારત-ગ્રીસ સંસદીય મૈત્રી જૂથના સભ્ય તરીકે નિમણૂક

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૪

૧૮મી લોકસભાના કાર્યકાળ માટે ભારતીય સંસદમાં ગ્રીસ દેશ સાથેના 'સંસદીય મૈત્રી જૂથ' (Parliamentary Friendship Group) નીરચના કરવામાં આવી છે.આ જૂથમાં લોકસભા સ્પીકર દ્વારા સાંસદ હરિભાઈ પટેલની સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી છે.લોકસભા સચિવાલયની કોન્ફરન્સ અને પ્રોટોકોલ શાખાના ડાયરેક્ટર એલ. વી. રમાણા દ્વારા ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ એક સત્તાવાર પત્ર જારી કરીને હરિભાઈ પટેલને આ નિમણૂકની સત્તાવાર જાણ કરવામાં આવી હતી.




# જાતિગત તિરાડો વધુ ઘેરી બની, યુજીસીના પગલા પર પ્રશ્નો ઉભા થયા

ઉચ્ચ શિક્ષણ કેમ્પસમાં સમાનતા લાવવાના નામે, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન દ્વારા જારી કરાયેલી તાજેતરની માર્ગદર્શિકાએ માત્ર જાતિગત ચર્ચાને ચર્ચાના કેન્દ્રમાં લાવી નથી, પરંતુ હિન્દુ સમાજને ફરી એકવાર જાતિગત રેખાઓ પર વિભાજીત કરતી દેખાય છે. આર્થિક અને શૈક્ષણિક વિકાસને કારણે સમય જતાં જ્ઞાતિ વિભાજનની રેખાઓ ઝાંખી પડવા લાગી હતી, તે હવે ફરી ઊંડાણમાં આવી રહી છે.વર્તમાન પરિસ્થિતિઓ મંડલ કમિશન રિપોર્ટના અમલીકરણ પછી ઉદ્ભવેલા સમયગાળાની યાદ અપાવે છે, જ્યારે હિન્દુ સમાજ સ્પષ્ટ રીતે વિભાજિત થઈ ગયો હતો. આજે, સમાજ ફરીથી તે માર્ગે આગળ વધી રહ્યો હોય તેવું લાગે છે. જાતિથી રાજકીય રીતે નફો મેળવતા કેટલાક પક્ષો ચૂંટણી લાભ મેળવવા માટે વિદ્યાર્થીઓમાં આ ચર્ચાને વેગ આપી રહ્યા છે. તેનાથી વિપરીત, ઉચ્ચ જાતિ સમુદાય પણ પોતાના હિતોનું રક્ષણ કરવા માટે વિદ્યાર્થીઓને સક્રિયપણે એકત્ર કરી રહ્યો છે. જો આ ંવ્ઝ માર્ગદર્શિકાઓનો સમાવેશી અને સાર્વત્રિક રીતે સ્વીકૃત ઉકેલ ન મળે, તો તેની સીધી અસર ભવિષ્યના રાજકારણ પર પડશે. આ માત્ર સામાજિક સંવાદિતાને અસર કરશે નહીં પરંતુ વ્યાપક હિન્દુ એકતાના ધ્યેયને પણ જોખમમાં મૂકી શકે છે.

જ્યારે સામાજિક, શૈક્ષણિક અને આર્થિક વિકાસે જ્ઞાતિ વિભાજનની દિવાલો નબળી પાડી છે, ત્યારે રાજકારણ તેમને ફરીથી ઉભરી આવ્યું છે. ભૂતપૂર્વ વડા પ્રધાન વિશ્વનાથ પ્રતાપ સિંહને મુખ્યત્વે પછાત જાતિઓના ઉત્થાનના નામે જ્ઞાતિ પ્રવચનને સત્તાના કેન્દ્રમાં લાવવાનો શ્રેય આપવામાં આવે છે. ૧૯૯૦ માં, તેમણે ચૌધરી દેવી લાલના રાજકીય પ્રભાવને રોકવા માટે મંડલ કમિશન રિપોર્ટ લાગુ કર્યો. આ નિર્ણયથી હિન્દુ સમાજ વૈચારિક અને સામાજિક રીતે ભારે વિભાજીત થયો.

તે સમયે, લગભગ સમગ્ર ઉત્તર ભારતમાં મંડલ કમિશન સામે વિરોધ શરૂ થયો, અને ઉચ્ચ જાતિના યુવાનો પોતાનું ભવિષ્ય અંધકારમય જોવા લાગ્યા. ત્યારબાદના રાજકારણે, મંડલ કમિશન દ્વારા સર્જાયેલા આ સામાજિક વિભાજનને દૂર કરવાને બદલે વધુ ઊંડું બનાવ્યું છે. જ્યારે સમાજ ધીમે ધીમે સરકારી નોકરીઓમાં પછાત વર્ગો માટે અનામત સ્વીકારી રહ્યો હતો, ત્યારે ૨૦૦૬ માં મનમોહન સિંહ સરકારે ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશમાં પછાત વર્ગો માટે અનામત રજૂ કર્યું.

વિદ્યાર્થીઓ ફરી એકવાર આ નિર્ણયના વિરોધમાં રસ્તાઓ પર ઉતર્યા, જેનાથી સામાજિક વિભાજન વધુ વિસ્તર્યું. આજે, જેમ જેમ દેશ ભૂતકાળના સંઘર્ષોની યાદોમાંથી બહાર આવી રહ્યો હતો, તેમ તેમ યુજીસીના નવા માર્ગદર્શિકાઓએ ફરી એકવાર ભારતીય સમાજને ઊંડા આંતરિક સંઘર્ષ અને સામાજિક સંઘર્ષની અણી પર મૂક્યો છે. જોકે આ સંઘર્ષ હજુ સુધી જાહેરમાં શેરીઓમાં દેખાતો નથી, યુનિવર્સિટી કેમ્પસ આ વૈચારિક ઉશ્કેરાટથી ઘેરાયેલા છે. હાલમાં, શૈક્ષણિક સંસ્થાઓ બે અલગ અલગ જૂથોમાં વહેંચાયેલી દેખાય છેઃ માર્ગદર્શિકાના મજબૂત સમર્થકો અને કટ્ટર વિરોધીઓ.

૨૭ જૂન, ૧૯૬૧ ના રોજ, દેશના પ્રથમ વડા પ્રધાન, પંડિત જવાહરલાલ નેહરુએ તમામ મુખ્યમંત્રીઓને એક વિગતવાર પત્ર લખ્યો. આ પત્રમાં, નેહરુએ વર્તમાન જાતિ-આધારિત અનામત પ્રણાલીને મૂળભૂત રીતે નકારી કાઢી હતી. તેઓ અનામત-આધારિત વિકાસને બદલે ×જ્ઞાન-કેન્દ્રિત સમાજ× બનાવવા માંગતા હતા. નેહરુએ સ્પષ્ટપણે લખ્યુંઃ ×મને કોઈપણ સ્વરૂપમાં અનામત પસંદ નથી, ખાસ કરીને નોકરીઓમાં અનામત. હું એવા કોઈપણ પગલાનો વિરોધ કરું છું જે બિનકાર્યક્ષમતાને પ્રોત્સાહન આપે છે અને આપણને સામાન્યતા તરફ દોરી જાય છે.×

નેહરુ માનતા હતા કે જો આપણે દેશને આધુનિક અને સ્પર્ધાત્મક બનાવવા માંગતા હોય, તો આપણે યોગ્યતાને પ્રાથમિકતા આપવી જોઈએ. વિડંબના એ છે કે, જો વર્તમાન યુજીસી માર્ગદર્શિકાનો વિરોધ કરનારાઓ આજે પંડિત નેહરુના આ શબ્દોનું પુનરાવર્તન કરશે, તો તેઓ તરત જ ×સામાજિક ન્યાય× ના વિરોધીઓ તરીકે લેબલ કરવામાં આવશે. આ હકીકત દર્શાવે છે કે છેલ્લા છ દાયકામાં ભારતીય રાજકારણ અને સામાજિક ચર્ચાની દિશા કેટલી બદલાઈ ગઈ છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

# ૨૦૦૨ના રમખાણોનો હત્યાનો કેસ : પુરાવાઓના અભાવે બે આરોપીઓના નિર્દોષ છૂટકારાનો ચુકાદો હાઈકોર્ટે રાખ્યો યથાવત

(ગરવી તાકાત)અમદાવાદ તા.૨૪

હાઈકોર્ટે ૨૦૦૨ના ગોધરાકાંડ પછીના કોમી રમખાણો દરમિયાન થયેલી એક હત્યાના કેસમાં મહત્વનો ચુકાદો આપ્યો છે. અદાલતે આ મામલે બે વ્યક્તિઓના નિર્દોષ છૂટકારાના નીચલી અદાલતના આદેશને માન્ય રાખતા જણાવ્યું હતું કે, પ્રિસીક્યુશનનો પક્ષ નબળા પુરાવાઓ, સાક્ષીઓની જુબાનીમાં વિરોધાભાસ અને ગંભીર પ્રક્રિયાકીય ક્ષતિઓથી ભરેલો છે.



જસ્ટિસ એમ.આર. મેંગડે અને જસ્ટિસ મૂળચંદ ત્યાગીની ખંડપીઠે આ ચુકાદો આપતી વખતે પ્રિસીક્યુશનની અનેક ખામીઓ તરફ આંગળી ચીંધી હતી.

અદાલતે નોંધ્યું કે તપાસ અધિકારી પોતે એ બાબતથી અજાણ હતા કે મૃતદેહ ક્યાંથી મળી આવ્યો હતો. વધુમાં, ઘટનાના ૧૧ થી ૧૨ દિવસ પછી એફઆઈઆર (FIR) નોંધવામાં આવી હતી અને આટલા લાંબા વિલંબ પાછળનું કોઈ જ વ્યાજબી કારણ રેકોર્ડ પર મૂકવામાં આવ્યું ન હતું. ઈન્ક્વેસ્ટ પંચનામું પણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવ્યું હતું, જે મૃતદેહ ક્યાંથી મળ્યો તે સ્થાપિત કરવામાં નિષ્ફળ રહ્યું છે.

આ કેસ અમદાવાદના ઈદગાહ મસ્જિદ પાસે માર્ચ ૨૦૦૨માં થયેલા રમખાણો સાથે જોડાયેલો હતો, જેમાં ટોળાએ યાસીન નામના વ્યક્તિ પર હુમલો કરી તેને સળગાવી દીધો હોવાનો આરોપ હતો. રાજ્ય સરકારે નીચલી અદાલત દ્વારા ગુલાબચંદ જોહરીલાલ જાયસ્વાલ અને અન્ય એક આરોપીને નિર્દોષ છોડવાના નિર્ણયને હાઈકોર્ટમાં પડકાર્યો હતો. જોકે, હાઈકોર્ટે અવલોકન કર્યું કે જે વ્યક્તિએ ફરિયાદ નોંધાવી હતી તે પોતે ઘટનાસ્થળે હાજર નહોતા અને તેમની જુબાની માત્ર સાંભળેલી વાતો (Hearsay Evidence) પર આધારિત હતી.

નજરે જોનાર સાક્ષીઓની વિશ્વસનીયતા પર સવાલ ઉઠાવતા કોર્ટે કહ્યું કે, સાક્ષીની ઉલટતપાસમાં અનેક વિરોધાભાસી વિગતો સામે આવી છે. સાક્ષીનું વર્તન પણ અકુદરતી જ જણાયું હતું, કારણ કે તેમણે ઘટનાની જાણ તાત્કાલિક પોલીસને કરી ન હતી કે પોતાની કથિત ઈજાઓ માટે કોઈ તબીબી સારવાર લીધી ન હતી.હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે જ્યારે નીચલી અદાલતે કોઈ આરોપીને નિર્દોષ જાહેર કર્યો હોય, ત્યારે તેની તરફેણમાં ×નિર્દોષ હોવાની બેવડી ધારણા× (Double Presumption of Innocence) મજબૂત બને છે.

માત્ર બે મંતવ્યો શક્ય હોય તેટલા કારણોસર અપીલ કોર્ટ નીચલી અદાલતના ચુકાદાને ઉલટાવી શકે નહીં. જ્યાં સુધી નીચલી અદાલતનો નિર્ણય ભૂલભરેલો ન હોય, ત્યાં સુધી હાઈકોર્ટ તેમાં હસ્તક્ષેપ કરતી નથી. આ કિસ્સામાં રાજ્ય સરકાર આરોપીઓ વિરુદ્ધ કોઈ પણ મજબૂત કે શંકા રહિત પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ રહી હોવાથી, હાઈકોર્ટે રાજ્ય સરકારની અપીલ ફગાવી દીધી છે અને આરોપીઓના નિર્દોષ છૂટકારાને યથાવત રાખ્યો છે.

# હાય રે કળિયુગ.... ! બિહારમાં ૧૦૦ રૂપિયા માટે, એક દીકરાએ તેની માતાનું ગળું રેતીથી કાપી નાખ્યું

પટણા,તા.૨૪

બિહારના ગોપાલગંજ જિલ્લાના બૈકુંઠપુર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના ઉસરી બિન્ટોલીમાં, ૧૦૦ રૂપિયા માટે એક યુવકે તેની માતાનું ગળું કાપી નાખ્યું. સ્થાનિકોની મદદથી, આરોપીને પકડીને ગંભીર માર મારવામાં આવ્યો અને પોલીસને સોંપવામાં આવ્યો. પોલીસ ઘટનાસ્થળે પહોંચી, આરોપીને કસ્ટડીમાં લીધો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોડેલ હોસ્પિટલમાં મોકલી આપ્યો. મૃતકની ઓળખ ૫૫ વર્ષીય સુમિત્રા દેવી તરીકે થઈ છે, જે ગણેશ રાવતની પત્ની છે.



આ ઘટના અંગે, એવું જાણવા મળ્યું છે કે આરોપી રામભરોસે રાવત તેની માતા પાસેથી ૧૦૦ રૂપિયા માંગ્યા હતા, પરંતુ તે પૈસા ન હોવાથી તે આપી શકી ન હતી. ગુસ્સે ભરાયેલા આરોપીએ ઘરમાં રાખેલા તીક્ષ્ણ હથિયારથી તેની માતા પર હુમલો કર્યો, તેનું ગળું કાપી નાખ્યું. માતાનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું.

આ જઘન્ય ગુનાની જાણ આસપાસના વિસ્તારમાં પહોંચતા જ સમગ્ર વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ. ચીસો સાંભળીને ગ્રામજનો પહોંચ્યા અને માતાનો લોહીથી લથપથ મૃતદેહ અને આરોપી પુત્ર જોયો. ગુસ્સે ભરાયેલા ટોળાએ ભાગવાનો પ્રયાસ કરી રહેલા આરોપી પુત્રને પકડી લીધો અને તેને સખત માર માર્યો.

કોઈએ પોલીસને જાણ કરી. પોલીસ ઘટનાસ્થળે પહોંચી, આરોપીની અટકાયત કરી અને તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કર્યો. એફએસએલ ટીમને પણ જાણ કરવામાં આવી. માહિતી મળતાં,એફએસએલ ટીમ ત્યાં પહોંચી અને વિવિધ વૈજ્ઞાનિક પુરાવા અને લોહીના નમૂના એકત્રિત કર્યા. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોડેલ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો. પ્રાથમિક તપાસમાં હત્યાનું કારણ ૧૦૦ રૂપિયાનો વિવાદ હોવાનું જણાય છે, જોકે પોલીસ અન્ય પાસાઓની પણ તપાસ કરી રહી છે.

મૃતકના પતિ ગણેશ રાવતે જણાવ્યું હતું કે તેઓ માછીમારી કરવા ગયા હતા અને તેની પત્ની ઘરે એકલી હતી. આ દરમિયાન, તેનો મોટો દીકરો આવ્યો અને ૧૦૦ રૂપિયા માંગ્યા. પૈસા ચૂકવી ન શકવાને કારણે, તે નશામાં પાછો ફર્યો અને તેનું ગળું કાપી નાખ્યું, જેના કારણે તેનું મોત નીપજ્યું. તેણે સમજાવ્યું કે તેનો દીકરો ડ્રગ્સનો વ્યસની હતો. તેણે બે વાર લગ્ન કર્યા હતા, પરંતુ બંને પત્નીઓ તેને છોડીને ચાલી ગઈ હતી.આ સંદર્ભમાં, સદર એસડીપીઓ-૨ રાજેશ કુમારે જણાવ્યું હતું કે એક અહેવાલ મળ્યો હતો કે સુમિત્રા દેવીની હત્યા તેના જ દીકરા દ્વારા બૈકુંઠપુર પોલીસ સ્ટેશન વિસ્તારના ઉસરી બિન્ટોલીમાં કરવામાં આવી હતી. પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી હતી. ઘટનાસ્થળેથી વૈજ્ઞાનિક પુરાવા એકત્રિત કરવા માટે એફએસએલ ટીમને બોલાવવામાં આવી હતી. જરૂરી કાનૂની પ્રક્રિયાઓ પૂર્ણ કર્યા પછી, મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ગોપાલગંજની સદર હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો.પોલીસે ઝડપથી કાર્યવાહી કરતા આરોપી રામભરોઝ રાવતની ધરપકડ કરી છે, જેણે ગળું કાપીને હત્યા કરી હતી. આરોપીની પૂછપરછ કરવામાં આવી રહી છે, અને હત્યા પાછળનું કારણ અને અન્ય સંભવિત પરિબળો નક્કી કરવા માટે સંપૂર્ણ તપાસ ચાલી રહી છે. બૈકુંઠપુર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે અને આગળની કાનૂની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

## સોના - ચાંદીમાં વધુ તેજી : સોનામાં ૧૪૦૦ તથા ચાંદીમાં ૨૪૦૦ વધ્યા

અમદાવાદ, તા. ૨૪

સોના-ચાંદીમાં ફરી તેજીનો દૌર શરૂ થયો હોય તેમ આજે પણ તેજીનો ટ્રેન્ડ રહ્યો હતો અને બંને મેટલમાં સુધારો નોંધાયો હતો. હાજર સોનુ ૧૪૦૦ રૂપિયા તથા હાજર ચાંદી ૨૪૦૦ રૂપિયા વધી હતી.

કોમોડીટી એકસચેંજમાં ચાંદી ૧૦૦૦ના ઉછાળાથી ૨,૬૬,૩૨૫ હતી. જે ઉંચામાં ૨,૬૮,૧૩૦ થઈ હતી. હાજર ચાંદી ૨૪૦૦ રૂપિયાના ઉછાળાથી ૨,૭૪,૪૦૦ હતી. ચાંદીનો ભાવ ૮૮ ડોલર હતો. આ જ રીતે હાજર સોનુ ૧૪૦૦ રૂપિયા વધીને ૧,૬૪,૪૦૦ હતું. કોમોડીટી એકસચેંજ ૧,૬૦,૭૫૨ હતું. વિશ્વ બજારમાં ૫૧૭૨ ડોલરનો ભાવ સાંપડયો હતો.

વેપારીઓના કહેવા પ્રમાણે અમેરિકી ટેરીફ વિશે ફરી એક વખત અનિશ્ચિતતાનો માહોલ સર્જાયો છે. ટ્રેડ બીલ વિશેની ભારતની વાટાઘાટો અટકી ગઈ છે. અમેરિકી પ્રમુખ ટ્રમ્પ નવી નવી ધમકી ઉચ્ચારવા લાગ્યા છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** આજે તમામ કામ પૂર્ણ મહેનતથી કરશો, જેના કારણે દિવસભર લાભની તકો મળશે. તમે પરિવારમાં શાંતિ અને સ્થિરતાનો આનંદ મેળવશો. જો તમે નોકરી અને ધંધામાં કેટલાક સકારાત્મક પગલા ભરો

**વૃષભઃ** આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે, પરંતુ કોઈ નિર્ણય લેવામાં ભૂલ થઈ શકે છે. કોઈ મોટું કામ કરતા પહેલાં અનુભવી લોકો સાથે સલાહ લેવાનું નિશ્ચિત કરો.

**મિથુનઃ** આજનો દિવસ સામાન્ય રહેશે. ભાગીદારીમાં કરવામાં આવતા ધંધામાં ઘણો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજ પતાવવાની આજે સુવર્ણ તક છે. કાર્યક્ષેત્રમાં કાર્ય સમયે મન બીજે ક્યાંક ભટકવાનું શરૂ કરશે

**કર્કઃ** કાર્યક્ષેત્રમાં આજે તમારું ધ્યાન નવી યોજનાઓ પર કેન્દ્રિત રહેશે અને તમને અધિકારીઓનો પૂરો સહયોગ પણ મળશે. ધાર્મિક યાત્રા પર જવા માટે અચાનક યોજના બનશે, જેનાથી મનને શાંતિ પણ મળશે.

**સિંહઃ** ઉતાવળમાં કોઈ કાર્ય કરવાનું ટાળો, નહીં તો મુશ્કેલી વધી શકે છે, તેથી બધું કાળજીપૂર્વક કરો. અધિકારીઓ સાથેના સંબંધો સુધરશે અને રોજગારની સ્થિતિમાં સુધાર થશે.

**કન્યાઃ** ધંધાના મામલામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની સંભાવના છે. રોજિંદા કાર્યોથી આગળ કંઈક નવું કરવાનો પ્રયાસ કરો. લવ મેરેજમાં રસ ધરાવતા લોકો માટે સમય અનુકૂળ છે.

**તુલાઃ** આજે તમને રચનાત્મક કાર્ય કરવાનું મન થશે. આજે તમારી આસપાસનું વાતાવરણ હળવું બનશે. દિવસના પહેલા ભાગમાં થોડી મૂંઝવણ રહેશે, જેના કારણે મન પરેશાન થઈ શકે છે.

**વૃશ્ચિકઃ** આજે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે ખાસ ધ્યાન રાખશો. તમારા આહારમાં બેદરકાર ના બનો. બિઝનેસમાં જોખમ લેવાનું પરિણામ આજે ફાયદાકારક રહેશે. ધૈર્ય અને તમારા નરમ વર્તનથી ઘરની સમસ્યાઓ સુધારી શકાય છે.

**ધનઃ** વ્યસ્તતા દિવસભર રહેશે પરંતુ ધાર્મિક કાર્યો માટે સમય કાઢશો. જીવનસાથી તમને કાર્યક્ષેત્રમાં દગો આપી શકે છે, તેથી કાળજીપૂર્વક કામ કરો. જો વિદ્યાર્થીઓ અભ્યાસ માટે થોડો સમય કાઢશે તો તે વધુ સારું રહેશે.

**મકરઃ** કૌટુંબિક ખર્ચામાં વધારો થવાને કારણે તમે દબાણનો અનુભવ કરી શકો છો. વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે કેટલીક અડચણોનો સામનો કરવો પડી શકે છે.

**કુંભઃ**આર્થિક મામલામાં સ્પષ્ટતાના અભાવને કારણે કોઈ પ્રિયજન સાથે વિવાદ થઈ શકે છે. પરસ્પર વાટાઘાટો, વ્યવહારમાં સંયમ અને સાવચેતી રાખવી. બપોરે કામના ઘસારાને લીધે તમે શારીરિક નબળાઇ અનુભવી શકો છો, જેનાથી હાથ અને પગ પર અસર થઈ શકે છે.

**મીનઃ** ધંધામાં ઝડપથી નિર્ણયો નહીં લેવાને કારણે કોઈ અવરોધ અથવા નુકસાન થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મોટાભાગની યોજનાઓ સફળ થશે, જેનાથી તમારો આત્મવિશ્વાસ વધશે.

## ફિલ્મી ગપશપ

### ધર્મેન્દ્રને યાદ કરીને ભાવુક થયા હેમા માલિનીઃકહ્યું- દરેક પળે તેમની યાદ આવે છે, વિશ્વાસ નથી થતો કે તેઓ ખરેખર ચાલ્યા ગયા છે



હિન્દી સિનેમાના 'હી-મેન' ધર્મેન્દ્રના નિધનને ત્રણ મહિના થઈ ગયા છે. હવે તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં એક્ટરની પત્ની હેમા માલિની તેમને યાદ કરીને ભાવુક થઈ ગયા. તેમણે કહ્યું કે મને આજે પણ વિશ્વાસ નથી થતો કે તેઓ ખરેખર ચાલ્યા ગયા છે.

ધર્મેન્દ્રને BAFTA એવોર્ડ સેરેમનીમાં ટ્રિબ્યુટ આપવામાં આવ્યું હતું. આ વિશે જ્યારે 'વેરાયટી ઈન્ડિયા'એ હેમા માલિનીને સવાલ કર્યો ત્યારે તેમણે આ પ્રસંગને 'દિલને સ્પર્શી જનારો' ગણાવ્યો. હેમાએ કહ્યું, ધર્મેન્દ્રજી તેમના સમયમાં સૌથી વ્યસ્ત કલાકાર હતા. અમે શૂટિંગની સાથે વધારે ટ્રાવેલ કરી શકતા ન હતા. એટલે સાથે ઘણી ફિલ્મો સાઈન કરતા હતા, જેથી સાથે સમય વિતાવી શકીએ.

હેમા માલિનીએ આગળ કહ્યું, મને દરેક પળે તેમની યાદ આવે છે. હું મારી જાતને એ જ સવાલ કરું છું કે શું તે ખરેખર ચાલ્યા ગયા છે? મારી તેમને ફરીથી ક્યારે મુલાકાત થશે?

એક્ટર ધર્મેન્દ્રનું ૨૪ નવેમ્બરે નિધન થયું હતું. ૮૯ વર્ષીય ધર્મેન્દ્રએ સોમવારે બપોરે પોતાના ઘરે અંતિમ શ્વાસ લીધા હતા. તેમના અંતિમ સંસ્કાર સોમવારે જ મુંબઈના વિલે પાર્લે સ્થિત પવન હંસ સ્મશાનગૃહમાં કરવામાં આવ્યા હતા, જેમાં અમિતાભ બચ્ચન, સલમાન ખાન, શાહરુખ ખાન, આમિર ખાન, સંજય દત્ત સહિત અનેક ફિલ્મ હસ્તીઓ સામેલ થઈ હતી.

### નિકાસ પ્રોત્સાહન માટે સાત કદમ ઉઠાવાયા બાદ બે જ દિવસમાં ફટકો માર્યો

# નિકાસકારોને સરકારનો મોટો ઝટકો : RODTEP લાભમાં ૫૦ ટકાનો કાપ

અમદાવાદ, તા.૨૪

કેન્દ્ર સરકારે ત્રણેક દિવસ અગાઉ નિકાસકારો માટે સાત જેટલા પ્રોત્સાહક પગલાનું એલાન કર્યું હતું. પરંતુ હવે તેના બે જ દિવસમાં મસમોટો ઝટકો માર્યો છે અને આરઓડીટીઈપી તરીકે ઓળખાતી નાણાંકીય પ્રોત્સાહન યોજનામાં અપાતા લાભમાં ૫૦ ટકાનો ધરખમ ઘટાડો કરી નાખ્યો છે.

આ પગલાથી ભારતની નિકાસ મોંઘી થવા ઉપરાંત વિદેશી બજારોમાં સ્પર્ધામાં ટકી રહેવાનું પણ મુશ્કેલ બનશે. રાજકોટ-સૌરાષ્ટ્ર સહિત સમગ્ર દેશમાં આ પગલાથી નિકાસકારોમાં જબરો ઉહાપોહ સર્જાયો છે.

અમેરિકાના ટેરીફ વોરના કારણે છેલ્લા ૬-૮ મહિનાથી ભારતની નિકાસ પ્રભાવિત થઈ જ હતી અને મોટો ફટકો પડ્યો હતો ત્યારે સરકાર તરફથી પ્રોત્સાહન માટે માંગ ઉઠી હતી. સરકારે પણ તાજેતરમાં કેટલાક પ્રોત્સાહક એલાન કર્યા હતાં પરંતુ હવે નવા આકરા કદમથી તમામ પ્રોત્સાહનનું સુરસુરીયું થઈ જાય અને નિકાસકારોને મોટો ફટકો પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

રેમીશન ઓફ ડ્યુટીઝ એન્ડ ટેકસીઝ ઓન એકસપોર્ટેડ પ્રોડક્ટ (રોડમેપ) તરીકે ઓળખાતી આ યોજના હેઠળ સરકાર દ્વારા નિકાસી પ્રોડક્ટમાં વિદેશી ડ્યુટી, ચાર્જ વગેરે સામે નિકાસકારોને વળતર સહાય ચુકવવામાં આવતી હતી.



પ્રોડક્ટ દીઠ જુદી-જુદી સહાય હતી છતાં સરેરાશ ૦.૮ ટકાની હતી અર્થાત કોઈ નિકાસકાર ૧૦૦ કરોડની નિકાસ કરે તો તેને ૮૦ લાખના પ્રોત્સાહન નાણાંકીય લાભ આપવામાં આવતા હતા પરંતુ હવે ડીરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ દ્વારા એક જ ઝાટકે તેમાં ૫૦ ટકાનો કાપ મુકતો પરિપત્ર ઈસ્યુ કરવામાં આવ્યો છે અને તાત્કાલીક અસરથી તેનો અમલ શરુ કરી દેવાનું જાહેર કરવામાં આવ્યું છે.

કેન્દ્ર સરકારના આ પગલાથી દેશભરના નિકાસકારોમાં જબરો ઉહાપોહ સર્જાવાના એંધાણ છે. રાજકોટ-સૌરાષ્ટ્રને લાગે વળગે છે ત્યાં સુધી સીંગતેલ સહિતની કૃષિ કોમોડીટી ઉપરાંત એન્જીનીયરીંગ મશીન ટુલ્સ, સીરામીક સહિતની નિકાસમાં મોટો ફટકો પડી શકે છે.આ યોજના હેઠળ કિંમત મર્યાદા લાગુ પડે છે ત્યાં પણ નાણાંકીય પ્રોત્સાહન ઘટાડીને ૫૦ ટકા કરી નાખવામાં આવ્યું છે. આ પગલાથી નિકાસ પર મળતી ટેક્સ રીફંડ-લાભની રકમ ઘટી જશે અને નિકાસકારોને નફાથી માંડીને અનેક રીતે ફટકો પડી શકે છે. સુત્રોએ કહ્યું કે સીંગદાણાની નિકાસ પર ૦.૯ ટકાનું પ્રોત્સાહન સરકાર તરફથી મળતું હતું તે હવે માત્ર ૦.૪૫ ટકા જ મળશે. આ રીતે સીંગતેલમાં ૦.૬૦ ટકા મળતા હતા તે હવે ૦.૩૦ ટકા જ મળશે. તેલીબીયા, ખાદ્યતેલ, ખોળ, કપાસીયા, કપાસ, જીરુ, મસાલા સહિતની નિકાસને અસર પડી શકે છે. નિષ્ણાંતોના કહેવા પ્રમાણે ૨૦૨૧ સુધી મર્ચન્ડાઈઝ એક્સપોર્ટસ ફોરમ ઈન્ડિયા ટીમ ચાલુ હતી પરંતુ ડબલ્યુટીઓમાં વિરોધ થતાં આ રોડમેપ યોજના દાખલ કરવામાં આવી હતી અને તેમાં નાણાંકીય પ્રોત્સાહન જાહેર કરવામાં આવ્યું હતું હવે તેમાં પણ અર્ધોઅડધ કાપ મુકી દેવામાં આવતા નિકાસકારોને અસર થશે. અગાઉ નિકાસ થઈ ગઈ હોય તેમાં શું સ્થિતિ સર્જાશે તે પણ એક સવાલ છે.જાણકારોએ એમ પણ જણાવ્યું હતું કે, ગત નાણાંકીય વર્ષમાં કેન્દ્રીય બજેટમાં આ યોજના માટે ૧૮૭૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી હતી પરંતુ તાજેતરના નવા બજેટમાં તે ઘટાડીને ૧૦ હજાર કરોડ કરી દેવામાં આવી હતી. સરકારે જ બજેટ ફાળવણી ઘટાડીને આ કાપ મુક્યો છે.

લગ્નનો ફોટો કે સર્વીસ બુકમાં નામ ન હોય તો પણ બીજી પત્નિ પેન્શનની હકકદાર

# ગુજરાત હાઈકોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપી એ.એમ.સી.ને ફેમીલી પેન્શન ચુકવવા આદેશ કર્યો

અમદાવાદ,તા. ૨૪

પેન્શન મુદ્દે ગુજરાત હાઈકોર્ટે એક મહત્વનો ચુકાદો આપ્યો હતો. ગુજરાત હાઈકોર્ટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને એક મહત્વપૂર્ણ ચુકાદો આપતા છસ્ઝ ને આદેશ આપ્યો છે કે તેઓ મૃતક કર્મચારીની બીજી પત્નીને ફેમિલી પેન્શન ચૂકવે. અદાલતે મ્યુનિસિપલ કોર્પોરેશનની એ દલીલને ફગાવી દીધી હતી જેમાં કોર્પોરેશન લગ્નના પુરાવા તરીકે માત્ર 'રજિસ્ટર્ડ નિકાહનામા'નો આગ્રહ રાખતું હતું.



કેસની વિગત મુજબ, છસ્ઝ ના એસ્ટેટ વિભાગમાં ફરજ બજાવતા મોહમ્મદ હનીફ શેખના પ્રથમ પત્ની રેહાનાબાનુનું ૨૦૦૭માં અવસાન થયું હતું. ત્યારબાદ ડિસેમ્બર ૨૦૦૭માં તેમણે ઈસ્લામિક કાયદા મુજબ ફરઝાનાબાનુ સાથે બીજા લગ્ન કર્યા હતા.

૨૦૧૧માં હનીફ શેખનું અવસાન થતા તેમની બીજી પત્નીએ પેન્શન માટે દાવો કર્યો હતો. જોકે, અખઈ એ પુરાવાઓના અભાવે આ દાવો નકારતા મામલો ૨૦૧૬માં હાઈકોર્ટ પહોંચ્યો હતો.

**AMC** એ હાઈકોર્ટમાં દલીલ કરી હતી કે નિકાહનામું રજિસ્ટર્ડ નથી, દંપતીનો કોઈ સંયુક્ત ફોટો નથી, અને કર્મચારીએ સર્વિસ બુકમાં બીજી પત્નીનું નામ નોંધાવ્યું નહોતું. બીજી તરફ, ફરઝાનાબાનુએ પુરાવા તરીકે કાઝીનું સોગંદનામું, ભરણપોષણનો કેસ અને આઈપીસી કલમ ૪૯૮એ હેઠળ નોંધાયેલી ફરિયાદના દસ્તાવેજો રજૂ કર્યા હતા. પ્રથમ પત્નીના સંતાનોએ પણ આ પેન્શનનો વિરોધ કર્યો હતો, જોકે અગાઉ તેઓએ સેટલમેન્ટ પેટે ફરઝાનાબાનુને ૨ લાખ રૂપિયા ચૂકવ્યા હતા.

જસ્ટિસ એમ. જે. શેલતે આ મામલે ચુકાદો આપતા જણાવ્યું કે, ફોટોગ્રાફ કે સર્વિસ રેકોર્ડમાં નામ ન હોવા જેવા ટેકનિકલ કારણોસર પેન્શન રોકવું અયોગ્ય છે. કોર્ટે ભરણપોષણના કેસ અને ફોજદારી ફરિયાદને લગ્નનો સચોટ પુરાવો માનતા છસ્ઝ ને આદેશ આપ્યો છે કે ફરઝાનાબાનુને કાયદેસરની પત્ની ગણી તેમના પેન્શનના પેપર્સ તૈયાર કરવામાં આવે. અદાલતે પેન્શનની તમામ બાકી રકમ આગામી ૧૫ મે સુધીમાં ચૂકવી દેવા પણ મ્યુનિસિપલ કોર્પોરેશનને તાકીદ કરી હતી.

ગુજરાતમાં ૧૦માંથી ૧ વાહન નંબર પ્લેટ વિના દોડે છે : તંત્રનો ખુલાસો

# નવા વાહનોની ડીલીવરીમાં ડીલરો પણ નિયમોનું પાલન કરતા નથી : કેટલાંક લોકો ટ્રાફિક ચલણથી બચવા કારસ્તાન કરે છે

અમદાવાદ,તા.૨૪

શહેરના જુહાપુરા વિસ્તારમાં ૨૨ વર્ષીય યુવકને નંબર પ્લેટ વિનાના ડમ્પરે હડફેટે લેતા તેનું મોત નિપજ્યું હતું. આ ઘટનાએ શહેર અને રાજ્યમાં નંબર પ્લેટ વિના ફરતા વાહનો અંગે ચર્ચા જગાવી છે, ત્યારે ચોંકાવનારી વિગતો અનુસાર સમગ્ર રાજ્યમાં લગભગ ૫ લાખ જેટલા વાહનો યોગ્ય નંબરપ્લેટ વિના ફરી રહ્યા છે. ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન દર દસમાંથી એક વાહન કરે છે, તેમ ખુદ તંત્રને લાગી રહ્યું છે.

સૂત્રો અનુસાર નંબરપ્લેટ વિના વાહન શો-રૂમમાંથી બહાર જ ન નીકળવું જોઈએ. આ એક ગુનો છે તે જાણવા છતાં ઘણા ડિલર વાહનો આપી દે છે. અધિકારીએ એમ પણ જણાવ્યું હતું કે વાહનની ડિલિવરી થઈ હોય તેવી ત્રણ સોશિયલ મીડિયા પોસ્ટમાંથી એક પોસ્ટમાં વાહન નંબર પ્લેટ વિના લઈ જવાતું જોઈ શકાય છે.



જયારે એક આરટીઓ અધિકારીએ કહ્યું હતું કે ડિલિવરી પહેલાં નંબરપ્લેટ લગાવવાની જવાબદારી ડીલરોની છે. અધિક પોલીસ કમિશનર (ટ્રાફિક) એન.એન. ચૌધરીએ જણાવ્યું હતું કે અમલીકરણ અભિયાન નિયમિતપણે ઉલ્લંઘનો શોધી કાઢે છે.

તપાસ દરમિયાન, અમને જાણવા મળ્યું છે કે દર ૧૦ વાહનોમાંથી લગભગ એક વાહનમાં નંબરપ્લેટ નથી અથવા તેમાં ચેડાં કરવામાં આવ્યા છે. આવા ગુનેગારો સામે કેસ નોંધવામાં આવે છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

એક અધિકારીએ જણાવ્યું હતું કે, દર ૧૦માંથી એક વાહન નંબરપ્લેટ વિનાની અથવા ટેમ્પર કરેલી છે. એક વરિષ્ઠ આરટીઓ અધિકારીએ સંકેત આપ્યો હતો કે આ પ્રથા ટુ-વ્હીલર વાહનોમાં તેમજ અમુક હાઈ-એન્ડ અને એસયુવી સેગમેન્ટમાં વધુ સામાન્ય છે.

ડીલરો પાસે ઈન-હાઉસ નંબરપ્લેટ ઈન્સ્ટોલેશન સુવિધાઓ હોવી જરૂરી છે, પરંતુ ઘણાએ તે સેટ કરી નથી, જેના કારણે નંબર પ્લેટ આવવામાં સમય લાગે છે અને ગેરકાયદે ડિલિવરી થાય છે.

અધિકારીઓએ જૂના વાહનોમાં છેડછાડનો પણ ઉલ્લેખ કર્યો છે. કેટલાક કિસ્સાઓમાં, સીસીટીવી તપાસ ટાળવા માટે, નંબરપ્લેટમાં ફેરફાર કરવામાં આવે છે અથવા સંપૂર્ણપણે સફેદ રંગ કરવામાં આવે છે.આવા કિસ્સાઓમાં, વાહન માલિકની જવાબદારી છે કે તેઓ તેને ફરીથી બનાવે, પરંતુ માલિકો સીસીટીવી કેમેરામાં કેદ ન થાય તે માટે આવું કરે છે, જોકે બધા એકબીજા પણ જવાબદારી નાખી રહ્યા છે, પરંતુ માતેલા સાંઢ જેવા ફરતા આ વાહનો કોઈની જિંદગી હણી ના નાખે તે માટે ઠોસ એવા પગલાં ભરાતા નથી, તે હકીકત છે.

શ્રી વી.બી.ખરાડી એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર મેઘરજની કોર્ટમાં

નં.પીઓએલ/જન્મ-મરણ/અપીલ/કેસ.નં.૮૫૪,૮૬૯/૨૦૨૫ તા.૨૮/૦૧/૨૦૨૬

**જાહેર નોટીસ**

અરજદારશ્રીઃ- ૧. ડામોર મગનભાઈ જીવાભાઈ રહે.ઈંટવા, તા.મેઘરજ જિ.અરવલ્લી.

:: વિરૂધ્ધ ::

સામાવાળાઃ- ૧. રજીસ્ટ્રાર જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ગેડ ગ્રુપ ગ્રામ પંચાયત કચેરી, મુ.ઈંટવા, તા.મેઘરજ જિ.અરવલ્લી.

વિષયઃ- જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ વિવાદી અરજી.

મોજે ઈંટવા, તા.મેઘરજની જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ વિવાદ અરજી. આથી લાગતા વળગતા તમામ ઇસમોને આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જાણ કરવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં ઉપરોકત અરજદારશ્રીએ તેઓની તા.૦૫/૧૨/૨૦૨૫ની અરજીથી તેઓના પુત્રશ્રી ડામોર ધવલભાઈ મગનભાઈ નો તા.૦૧/૦૭/૧૯૯૮ના રોજ તથા પુત્રીશ્રી ડામોર દેવાંશીબેન મગનભાઈ નો તા.૧૫/૦૮/૨૦૦૦ ના રોજ મુ.ઈંટવા તા.મેઘરજ જિ.અરવલ્લી મુકામે જન્મ થયેલ હોઈ જે બાબતની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા યોગ્ય હુકમ થવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જે બાબતે કોઈ ઈસમોને વાંધો હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહી આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા. ૨૮/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી નોટીસ ઈસ્યુકરી.

કોર્ટનો સિક્કો

(વી.બી.ખરાડી)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર મેઘરજ

શ્રી વી.બી.ખરાડી, એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર મેઘરજની કોર્ટમાં

નં.પીઓએલ/જન્મ-મરણ/અપીલ/કેસ.નં.૯૨૭/૨૦૨૫ તા.૨૯/૦૧/૨૦૨૬

**જાહેર નોટીસ**

અરજદારશ્રીઃ- ૧. મનાત લક્ષ્મણભાઇ ધનાભાઇ રહે.ગેડ, તા.મેઘરજ જિ.અરવલ્લી.

:: વિરૂધ્ધ ::

સામાવાળાઃ- ૧. રજીસ્ટ્રાર જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ગેડ ગ્રુપ ગ્રામ પંચાયત કચેરી,મુ.ગેડ, તા.મેઘરજ જિ.અરવલ્લી.

વિષયઃ- જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ વિવાદી અરજી.

મોજે.ગેડ, તા.મેઘરજની જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ વિવાદ અરજી.

આથી લાગતા વળગતા તમામ ઇસમોને આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જાણ કરવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં ઉપરોકત અરજદારશ્રીએ તેઓની તા.૨૬/૧૨/૨૦૨૫ની અરજીથી તેઓના પુત્રીશ્રી મનાત દિપીકાબેન લક્ષ્મણભાઇ નો તા.૧૫/૦૭/૨૦૦૩ના રોજ મુ.ગેડ તા.મેઘરજ જિ.અરવલ્લી મુકામે જન્મ થયેલ હોઈ જે બાબતની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા યોગ્ય હુકમ થવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જે બાબતે કોઈ ઈસમોને વાંધો હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહી આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા. ૨૯/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી નોટીસ ઈસ્યુકરી.

કોર્ટનો સિક્કો

(વી.બી.ખરાડી)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર મેઘરજ


પશ્ચિમ રેલવે
અમદાવાદ મંડળ

**આરઓબીના બાંધકામના સંદર્ભમાં સિગ્નલિંગ સામગ્રીનો આંશિક પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ**

**ટેન્ડર નંબર - GSU-Sig-ADI-03-2025-26** ને આમંત્રણ આપતી સૂચના. ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી કાર્યરત DRM/S અને T ટેન્ડર નંબર GSU-Sig-ADI-03- 2025-26 સામે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. અંતિમ તારીખ ૨૪.૦૩.૨૦૨૬, ૧૫:૦૦ કલાકે બિડર્સ ફક્ત અંતિમ તારીખ અને સમય સુધી તેમની મૂળ/સુધારેલી બિડ સબમિટ કરી શકશે, આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફરને મંજૂરી નથી, અને પ્રાપ્ત થયેલી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે. **1) કામનું નામ:** અમદાવાદ મંડળના અમદાવાદ - પાલનપુર વિભાગમાં કલોલ-ખોડિયાર સ્ટેશન વચ્ચે કિ.મી. 759/6-7 પર એલસી નં. 232/B , કલોલ-પાનસર રોડ વચ્ચે કિ.મી. 753/4-5 પર એલસી નં. 228, કલોલ-મહેસાણા વચ્ચે કિ.મી. 756/4-5 પર એલસી નં. 230 ની જગ્યાએ આરઓબીના બાંધકામના સંદર્ભમાં સિગ્નલિંગ સામગ્રીનો આંશિક પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ. **2) કામની અંદાજિત કિંમત:** ₹ ૭૯,૮૬,૭૩૨.૩૬/- (રૂ. ઓગણએંસી લાખ છ્યાસી હજાર સાતસો બત્રીસ રૂપિયા અને છત્રીસ પૈસા માત્ર) **3) અર્નેસ્ટ મની ડિપોઝિટ:** ₹ ૧,૫૯,૭૦૦/- (રૂ. એક લાખ ઓગણસાઠ હજાર સાતસો માત્ર) **4) બંધ થવાની તારીખ અને સમય:** ૨૪.૦૩.૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી તે પછી નહીં **5) ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ૨૪.૦૩.૨૦૨૬ ના ૧૫:૩૦ કલાકે ખુલશે. **6) ઈ-ટેન્ડરિંગની વેબસાઈટ:** www.ireps.gov.in ADI 283

અમને લાઇક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે
અમદાવાદ મંડળ

**પેસેન્જર ઈન્ફર્મેશન સિસ્ટમનો વ્યાપક વાર્ષિક જાળવણી કરાર**

**ટેન્ડર આમંત્રણ નંબર - DRM-SnT-ADI-Tele12 વર્ષ 25-26** ભારતના રાષ્ટ્રપતિ વતી કાર્યરત DRM/S&T, ટેન્ડર નંબર DRM-SnT-ADI-Tele12 વર્ષ 25-26, છેલ્લી તારીખ 23.03.2026, 15:00 વાગ્યે ઈ-ટેન્ડરો માટે આમંત્રિત કરે છે. બિડર્સ ફક્ત અંતિમ તારીખ અને સમય સુધીમાં તેમની મૂળ/સુધારેલી બિડ સબમિટ કરી શકે છે. આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફરની મંજૂરી નથી, અને પ્રાપ્ત થયેલી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે. **1) કાર્યનું નામ:** અમદાવાદ મંડળના મહેસાણા અને પાટણ સ્ટેશનો પર ત્રણ વર્ષના સમયગાળા માટે પેસેન્જર ઈન્ફર્મેશન સિસ્ટમ (એટલે કે, કોચ ગાઇડન્સ ડિસ્પ્લે બોર્ડ, ટ્રેન આવવાં /જવાના ડિસ્પ્લે બોર્ડ, ઓટો જાહેરાત સિસ્ટમ અને ડિજિટલ ઘડિયાળો) માટે વ્યાપક વાર્ષિક જાળવણી કરાર. **2) કાર્યની અંદાજિત કિંમત:** ₹ ૪૧૬૫૬૦૩.૩૨/- (રૂપિયા એકતાલીસ લાખ પાંસઠ હજાર છસો ત્રણ અને બત્રીસ પૈસા માત્ર) **3) અર્નેસ્ટ મની ડિપોઝિટ:** ₹ ૮૩૩૦૦/- (ત્યાસી હજાર ત્રણસો) **4) બંધ થવાની તારીખ અને સમય:** ૨૩.૦૩.૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ વાગ્યા સુધી નહીં **5) ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ૨૩.૦૩.૨૦૨૬ ના રોજ ૧૫:૩૦ વાગ્યે ખુલશે **6) ઈ-ટેન્ડરિંગ વેબસાઈટ:** www.ireps.gov.in ADI 284

અમને લાઇક કરો: facebook.com/WesternRly


સ્થાનિક ચૂંટણી પૂર્વે મહત્વનો બદલાવ

# રાજ્યના મુખ્ય ચૂંટણી કમિશ્નર તરીકે સંદિપ સુગલેની નિયુક્તિ ; હારિત શુક્લાને બદલાવાયા

તા.૨૪

ગુજરાતમાં આગામી મહિનાથી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીના પડઘમ વાગવાનું શરુ થશે તે પહેલા ચૂંટણી પંચે રાજ્યના મુખ્ય અધિકારી તરીકે આઈએએસ ઓફિસર હારિત શુક્લાના સ્થાને ૨૦૦૭ બેચના આઈએએસ ઓફિસર સંદિપ સુગલેની નિયુક્તિ કરી છે.શ્રી સુગલે હાલ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના ડિરેક્ટર જનરલ છે અને તેઓ હવે પોતાના નવા પદનો કાર્યભાર સંભાળી લેશે. ગુજરાતમાં ચૂંટણીપંચ દ્વારા મતદાર યાદી ગહન પુનઃ નિરીક્ષણની કામગીરી જે રીતે સફળતાપૂર્વક પાર પાડી તે પછી આ નવી નિયુક્તિ કરી છે. શ્રી હારિત શુક્લાએ આ કામગીરી સંભાળી હતી ચૂંટણીપંચે રાજ્ય સરકાર સાથે સંતલત કરીને આ નિર્ણય લીધો છે અને રાજ્ય સરકારને



નવનિયુક્ત ચૂંટણી અધિકારી સુગલેને અન્ય તમામ જવાબદારીમાંથી તાત્કાલીક મુક્ત કરવા જણાવાયું છે.

હવે રાજ્ય સરકાર દ્વારા હારિત શુક્લાને નવી નિયુક્તિ અપાશે. રાજ્યમાં આગામી મહિને જ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ જાહેર થનાર છે અને તે પૂર્વે આ ફેરફાર મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.

શ્રી શુક્લાને ૨૦૨૪માં જુન માસમાં આ જવાબદારી સોંપવામાં આવી હતી અને હવે રાજ્યના નવા ચૂંટણી કમિશ્નર મળ્યા છે.

# જીવનમાં સફળતા પ્રાપ્ત કરવી હોય તો સખત મહેનત પર વિશ્વાસ કરો.નસીબ તો માત્ર જુગારમાં



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા

આપણે આજે ચિંતનાત્મક લેખ માં જોઈએ કોઇ વાત કરીએ તે પહેલાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા તા.૨૬/૦૨/૨૬ થી ધોરણ-૧૦ એસએસસી ધોરણ-૧૨ એચએસસીની પરીક્ષા શરૂ થઈ રહી છે ત્યારે સૌ પરીક્ષાર્થી વિદ્યાર્થી ભાઈ બહેનો શુભકામના સાથે જીવનમાં સફળતા પ્રાપ્ત કરવી હોય તો સખત મહેનત પર વિશ્વાસ રાખજો.એક પથ્થર કાપનાર રોજમદાર મજૂર તરીકે કામ કરીને પોતાનો સમયવિતાવી રહ્યો હતો,પણ તે અસંતુષ્ટ હતો એક દિવસ,તેને અચાનક એક શક્તિનો અનુભવ થયો જે તેની બધી ઈચ્છાઓ પૂર્ણ કરી શકે છે

એક સાંજે, એક વેપારીના મોટા ઘર પાસેથી પસાર થતી વખતે, તેણે વેપારીની વૈભવી વસ્તુઓ જોઈઃ તેની ગાડી, ઘોડો અને સજાવટ. તેને વિચાર આવ્યો કે શું તેણે પોતાનું જીવન પથ્થરો કાપવામાં વિતાવવું જોઈએ. શા માટે વેપારી ન બનવું? અચાનક, તેની ઈચ્છાપૂર્ણ થઈ.તેણે સંપત્તિ એક નવુંઘર,એક નવીગાડી, નોકરો અને બધી જ ભવ્યતા અને વૈભવ મેળવ્યો.

એક દિવસ,એક મહાન સેનાપતિ તેના સૈનિકો સાથે તેની પાસેથી પસાર થયો. તેને આશ્ચર્ય થયું કે શું થઈ રહ્યું છે.ગમે તેટલા ધન વાન હોય, બધા આ સેનાપતિ આગળ નમી ગયા. ×હું સેનાપતિ બનવા માંગુ છું.× ફક્ત શક્તિથી, તે સેનાપતિ બન્યો. હવે,તે મધ્ય માં સિંહાસન પર ગર્વથી બેસી શકતો હતો,અને લોકો તેની આગળ નમી જતા હતા. તે તેના સૈનિકોને જે ઈચ્છે તે કરવાનો આદેશ આપી શકતો હતો.તે તે કરી શક્યો હોત પણ એક દિવસ ભીષણ ગરમીમાં,તેને ઉઠવું પડ્યું તેણે ગુસ્સા થી સૂર્ય તરફ જોયું. પણ સૂર્ય પર તેની કોઈ અસર થઈ નહીં; તે આનંદથી ચમકતો રહ્યો. આ જોઈને, તેણે વિચાર્યું, ×ઓહ, સૂર્ય સેનાપતિ કરતાં વધુ શક્તિ શાળી છે. જુઓ,તેનાથી તેને કોઈ ફરક પડતો નથી.×તે ઈચ્છતો હતો કે તે સૂર્ય બની શકે થોડીજ વારમાં,તે સૂર્ય બની ગયો

સૂર્યની જેમ,તે પોતાની મરજી મુજબ કામ કરવા લાગ્યો.તેની ગરમીથી,તેણે દુનિયા પર વિનાશ વેર્યો. ખેડૂતોના પાક પણ બળી ગયા.આ જોઈને,તેને પોતાની શક્તિનો અહેસાસ થયો અને તે ખુશ થઈ ગયો.પરંતુ અચાનક, એક દિવસ,એક વાદળ આવીને તેની અને પૃથ્વીની વચ્ચે આવીને ઉભો રહ્યો.×ઓહ,આ શું છેસૂર્ય ની શક્તિ કરતાં વાદળ મોટો છે. વાદળ કેમ ન બની જાય?×તે વાદળ બની ગયો. વાદળની જેમ તે જોરથી ગર્જના કરતો અને પોતાને સંતુષ્ટ માનતો.ભારે વરસાદ પણ પડવા લાગ્યો. અચાનક,પવનનો એક ઝાપટો બદલાઈ ગયો.પવનનો એક ઝંઝા વાત આવ્યો અને તેને એકબાજુ થી બીજી બાજુ ધક્કો મારવા લાગ્યો. ×અરે, આ શું છે? પવન આટલો શક્તિશાળી છે!હું પવન કેમ ન બની જાઉં?×તે પવન બની ગયો.પવનમાં ફેરવાઈને,તે ઝડપ થી પૃથ્વીની પરિક્રમા કરવા લાગ્યો.પણ પછી કંઈક ખોટું થયું તેની સામે એક પથ્થર દેખાયો.તે તેને હલાવી શક્યો નહીં તેણે વિચાર્યું,×સારું,પથ્થર શક્તિ શાળી છે,હું પથ્થર બનીશ.×તે પથ્થર બની ગયો. પણ તે લાંબો સમય ટકી શક્યો નહીં, કારણ કે એક પથ્થર કાપનાર આવ્યો અને તેને કાપવા લાગ્યો.પછી તેણે વિચાર્યું,×ઓહ,પથ્થર કાપનાર વધુ શક્તિશાળી છે. ઓહ, મેં શું કર્યું? હું ફક્ત પથ્થર કાપનાર હતો!×

ત્યાં સુધીમાં, તે જાગી ગયો અને સ્વપ્નતૂટી ગયું.પરંતુ ફરક એટલો હતો કે તે પોતાની જાતથી સંતુષ્ટ હતો.

આપણે આપણી આંતરિકશક્તિ અને ક્ષમતાને જાણતા નથી, અને જે નકામા દેખાય છે તે ચોક્કસપણે કોઈને કોઈ રીતે ઉપયોગી છે. તમારી ક્ષમતાને ઓળખો.

હરિ ઉપર વિશ્વાસ રાખી ઈશ્વર સેવા કરો, ઈશ્વરભક્તિ કરો, કારણ હરિને ભજતાં કોઈદિવસ તમારી લાજ જવાની નથી જ. ધ્રુવ,પ્રહલાદ,મીરાં,નરસિંહ, વિભીષણ એવા અનેક ભક્તોના દાખલા આપણી સામે મોજુદ છે દીવો પ્રકાશ છે, તેમ આ ભક્તો પોતાનાં ચરિત્રોથી અને ઈશ્વર શ્રદ્ધાથી પ્રકાશે છે,અને આપણ ને રસ્તો દેખાડે છે.તેઓ કહે છેકે સંસારના વિષયો પ્રત્યે અરુચિ તે ઈશ્વર પર અશ્રદ્ધા, વિષયો પ્રત્યે રુચિ તે ઈશ્વર પ્રત્યે અરુચિ, વિષયો પ્રત્યે અરુચિ તે ઈશ્વર પ્રત્યે રુચિ.સંસારના વિષયભોગો થી કોઈપણ દિવસ તૃપ્તિ મળવા ની જ નથી.કેટલાંક અથાણાં ખાધાં તોયે તૃપ્તિ થઈ?સેંકડો નહીં પણ હજારો મણ અનાજ પેટમાં ગયું છતાં તૃપ્તિ થઈ છે? માટે ઈશ્વરને છોડી તમે લૌકિક કાર્યને મહત્ત્વ આપશો નહીં.જો તમે એવા કાર્યનેમહત્ત્વ આપશો, તો તમારું કાર્ય વધારે બગડશે.તે વખતે બાળમિત્રો આવ્યા.મિત્રો પૂછે છે, લાલા, આજે કોને ઘરે જઈશું?કનૈયો કહે છે,આજે અહીં!આજે મારાજ ઘરનું માખણ ખાઈશું આજે ભગવાન બધાંને પોતાના ઘરનું માખણ આપે છે અને ખવડાવે છે

યશોદા માતા પાછાં આવી જુએ છે તો દહીંની ગોળી ફૂટેલી છે અને દહીં ઢોળાયું છે.આ લાલાનું જ કામ! પણ લાલો ક્યાં? જુએ છે તો કનૈયો શીકા ઉપરથી માખણ લઈ બધાંને, વાનરોને પણ માખણ ખવડાવે છેવાનર એટલે મન.મન વાનર જેવું ચંચળ છે,પણ શ્રીરામ અને શ્રી કૃષ્ણ આગળ તો હાથ જોડીને ઊભું રહે છે. રામ અને શ્રીકૃષ્ણ વગર વાનર-મન કોઈ જગ્યાએ સ્થિર થતું નથી.માતાજી લાલાને માખણની ચોરી કરતાં જુએ છે. યશોદાને ખાતરી થઈ ગઈ કે, લાલાને ચોરી કરવાની આદત પડી છે. ગોપીઓ કહેતી હતી તે વાત સાચી છે. યશોદાજી એ હાથમાં લાકડી લીધી અને શ્રીકૃષ્ણને પકડવા દોડયાં.મિત્રો કહે છે, લાલા, મા આવી! મા આવી! કનૈયો દોડે છે? આગળ શ્રીકૃષ્ણ અને પાછળ માતા યશોદા છે. જે ઈશ્વરને ગોપીઓ પકડી શકતી નથી, તે કનૈયાને પકડવા યશોદાજી દોડે છે. શ્રીકૃષ્ણ હાથમાં આવતા નથી. માતાજી દોડતાં થાકી જાય છે.

શ્રીકૃષ્ણ હાથમાં કેમ આવતા નથી?દોડતી વખતે યશોદાજી શ્રીકૃષ્ણની પીઠ ઉપર નજર રાખે છે. લાલાની પીઠ જોઈને દોડે તેના હાથમાં લાલો આવે નહીં. કારણ લાલાની પીઠમાં અધર્મ છે તૃતીય સ્કંધમાં કહ્યું છે કે, અધર્મ શ્રીકૃષ્ણની પીઠમાંથી ઉત્પન્ન થયો છે.અધર્મના સન્મુખ દોડે તો ભગવાન હાથમાં આવે નહીં. શ્રીકૃષ્ણને પકડવા તો તેનાં ચરણ માં અને મુખ પર નજર રાખવી જોઈએ.ભક્તિ ધર્માનુકૂલ હોવી જોઈએ. ભક્તિમાં અધર્મ આવે તો ભક્તિ બગડે. જેની જે ફરજ પરમાત્માએ નક્કી કરી છે તે બરાબર બજાવો. તમારો ધર્મ પાળ્યા વગર તમે ભક્તિ કરો તો તે સફળ થશે નહીં. બ્રાહ્મણ સંધ્યા છોડે અને શ્રીકૃષ્ણની સેવા કરવા જાય,તો ભગવાન તેની સેવા ગ્રહણ કરતા નથી. માંદા પતિને છોડી તેમની આજ્ઞા વગર સ્ત્રી મંદિરમાં દર્શન કરવા જશે તો આવી સ્ત્રીની ભક્તિ ફળશે નહીં. ભગવાનની ભક્તિ પણ ધર્મની એકેએક મર્યાદા પાળીને કરવી જોઈએ.એક મહાત્મા કહે છે કે,મને કારણ જુદું લાગે છે. યશોદાના હાથમાં લાકડી હતી.લાલો કહે છેકે, લાકડી લઈ કોઈ મને પકડવા આવે તે મને ગમતું નથી. લાકડી એ અભિમાન છે.પુષ્ટિ સંપ્રદાય માં બાલકૃષ્ણની સેવા કરવાનીછે એમાં લાકડી એટલેકે અભિમાન નું સ્થાન નથી.તેથી યશોદામા લાકડી લઈને શ્રીકૃષ્ણને પકડવા જાય તો શ્રીકૃષ્ણ કેમ કરી પકડાય!

યશોદાજી લાકડી લઈને એટલે કે અભિમાનથી કનૈયાને પકડવા જાય છે,એટલે શ્રીકૃષ્ણ પકડાતા નથી. સત્કર્મ કર્યા પછી અંદરનું અભિમાન વધતું હોય તો એ સત્કર્મ શા કામનું?ભગવાન સર્વ દોષની,અપરાધની ક્ષમા કરે છે, પણ અભિમાનની ક્ષમા કરતા નથી.અભિમાન થાય તોભગવાન ઉપેક્ષા કરે છે. અભિમાન કરવા જેવું આપણી પાસે કશું નથી, છતાં માણસ અભિમાન કરે છે. અલ્યા, તું શાનું અભિમાન કરે છે? રાયરંક બનેછે અને રંકરાય બને છે.લાખની રાખ થતાં વારલાગતી નથી.આમાં તું શાનું અભિમાન કરે છે?

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત તમારું પોતાનું મહત્વ સમજો અને આત્મ વિશ્વાસ રાખો. ×બદલાવ કરવાની જરૂર નથી, પરંતુ તમારી જાતને ઓળખવાની જરૂર છે.× આજે આપણે અહીં અટકીએ અસ્તુ.



## માનદ વેતનમાં વધારાના ભારથી નારાજગી, મામલતદારને આવેદનપત્ર આપી ન્યાયની માંગ

# સરકારી મોબાઈલ વગર અંગત ફોનમાં કામ કરાવવાનો ત્રાસ, અમીરગઢની આંગણવાડી બહેનો હડતાળના માર્ગે







(ગરવી તાકાત) પાલનપુર તા.૨૪

અમિરગઢ તાલુકોમાં કાર્યરત આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોએ ઓનલાઈન કામગીરીના અતિશય દબાણ અને માનસિક ત્રાસ સામે અવાજ ઉઠાવ્યો છે. સરકારી મોબાઈલ આપવામાં આવ્યા વિના અંગત મોબાઈલમાં ઓનલાઈન કામગીરી કરાવવાના દબાણથી કંટાળીને બહેનોએ હડતાળ પર જવાનો નિર્ણય કર્યો છે. આ સંદર્ભે બહેનોએ તાલુકા મામલતદારને આવેદનપત્ર પાઠવી પોતાની વ્યથા વ્યક્ત કરી હતી.

આંગણવાડી બહેનો દ્વારા આપવામાં આવેલી લેખિત રજૂઆતમાં જણાવાયું છે કે, તેમને પોતાના ખાનગી મોબાઈલ ફોનનો ઉપયોગ કરી સરકારી કામગીરી કરાવવા માટે વારંવાર દબાણ કરવામાં આવે છે. નેટવર્કની ગંભીર સમસ્યાઓ હોવા છતાં, સમયસર ડેટા અપલોડ ન થાય તો નોટિસ આપવાની અને કાર્યવાહી કરવાની ધમકીઓ આપવામાં આવે છે, જેના કારણે તેઓ સતત માનસિક તણાવમાં રહે છે.

બહેનોએ વધુમાં જણાવ્યું હતું કે, ઓછા માનદ વેતનમાં પહેલેથી જ અનેક જવાબદારીઓ નિભાવવી પડે છે, ત્યારે તેમાં વધારાની ઓનલાઈન કામગીરીનો ભાર સહન કરવો મુશ્કેલ બની ગયો છે. આ પરિસ્થિતિના કારણે આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને આપવામાં આવતું પૂર્વ પ્રાથમિક શિક્ષણ પણ અસરગ્રસ્ત બની રહ્યું છે.

આવેદનપત્રમાં એક મહત્વનો મુદ્દો એ પણ ઉઠાવવામાં આવ્યો છે કે, આંગણવાડીના નિર્ધારિત સમય બાદ પણ અધિકારીઓ દ્વારા ફોન અને સંદેશાઓ આવતા રહે છે, જેના કારણે તેઓ પરિવાર સાથે શાંતિપૂર્વક સમય વિતાવી શકતી નથી. સતત કામના દબાણથી તેમની સામાજિક અને કુટુંબજીવન પર નકારાત્મક અસર પડી રહી છે.બહેનોએ સરકારના બજેટમાં આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનો માટે શું જોગવાઈ કરવામાં આવી છે તેની સ્પષ્ટતા ન હોવાની ફરિયાદ પણ કરી છે. તેમના મતે, જવાબદારીઓ સતત વધે છે પરંતુ સુવિધાઓ અને વેતનમાં કોઈ અનુરૂપ સુધારો થતો નથી.

આ તમામ કારણોને ધ્યાને લઈ અમીરગઢ તાલુકાની આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનો હડતાળ કરવા મજબૂર બની હોવાનું તેમણે જણાવ્યું છે. જો વહેલી તકે યોગ્ય નિર્ણય અને રાહત નહીં મળે તો આંદોલનને વધુ ઉગ્ર બનાવવાની ચેતવણી પણ બહેનોએ આપી છે.

## પોર્ટર લખેલા ટેમ્પોનો પીછો કરી પોલીસે વિદેશી દારૂ ઝડપ્યો

### બામણા નજીકથી ટેમ્પા મૂકી ચાલક ફરાર, ગુપ્ત ખાનામાંથી ૧,૪૭૬ બોટલ દારૂ અને બીયર મળ્યો, રૂપિયા ૧૦.૨૦ લાખનો મુદ્દામાલ જપ્ત

(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૪

સાબરકાંઠા જિલ્લાના ગાંભોઈ પોલીસે બામણા ગામ નજીકથી પોર્ટર લખેલા એક બિનવારસી ટેમ્પામાં બનાવેલા ગુપ્ત ખાનામાંથી વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે કુલ ૧,૪૭૬ બોટલો સહિત ૧૦.૨૦ લાખનો મુદ્દામાલ કબજે કરી ટેમ્પા માલિક વિરુદ્ધ પ્રોહિબિશનનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



ગાંભોઈ પોલીસ સ્ટેશનના PI એસ.જે. ગોસ્વામીના જણાવ્યા અનુસાર, પોલીસ ટીમ આડા હાથરોલ ગામે પ્રોહિબિશન વોચમાં હતી. તે દરમિયાન ભિલોડા તરફથી એક શંકાસ્પદ ટેમ્પો આવતા તેને ઉભો રાખવા ઈશારો કરવામાં આવ્યો હતો. જોકે, ચાલકે ટેમ્પો ઉભો રાખવાને બદલે બામણા ગામ તરફ ઝડપથી હંકારી મૂક્યો હતો. પોલીસે ખાનગી વાહન દ્વારા પીછો કરતા ચાલક બામણા ત્રણ રસ્તા પાસે ટેમ્પો મૂકીને ઝાડી-ઝાંખરાનો લાભ લઈ નાસી છૂટ્યો હતો.

તપાસ દરમિયાન ટેમ્પામાં બનાવેલા ગુપ્ત ખાનામાંથી ૫,૨૦,૩૨૦ રૂપિયાની કિંમતનો દારૂ અને બિયર મળી આવ્યો હતો. પોલીસે ૫ લાખની કિંમતનો ટેમ્પો અને દારૂ સહિત કુલ ૧૦,૨૦,૩૨૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## હિંમતનગરમાં નાયી સમાજે કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

### મધ્યપ્રદેશમાં ૮મા ધોરણની વિદ્યાર્થિની પર અત્યાચાર-હત્યાના આરોપીઓને ઝડપવા માંગ

(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૪

મધ્યપ્રદેશના રંજિતપુરા ગામમાં ૮મા ધોરણની વિદ્યાર્થિની પર થયેલા અત્યાચાર અને હત્યાના ફરાર આરોપીઓને તાત્કાલિક પકડી ફાંસીની સજા આપવાની માંગ સાથે હિંમતનગરમાં નાયી સમાજ દ્વારા કલેકટરને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું.

આ આવેદનપત્ર હિંમતનગર તાલુકાના સમસ્ત નાયી સમાજ અને ન્યાયપ્રિય નાગરિકો વતી રજૂ કરવામાં આવ્યું હતું. તેમાં જણાવાયું હતું કે મધ્યપ્રદેશના રંજિતપુરા ગામમાં ૮મા ધોરણમાં ભણતી સેન સમાજની દીકરી સાથે થયેલી ક્રૂરતા અને તેની હત્યાની ઘટનાએ દેશભરના નાગરિકોમાં આક્રોશ જગાવ્યો છે.

સમાજે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે આટલી ગંભીર અને ક્રૂર ઘટના બન્યા હોવા છતાં, આરોપીઓ હજુ સુધી પોલીસની પકડથી બહાર છે. આવેદનપત્રમાં પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો કે શું આ પ્રશાસનની નિષ્ફળતા નથી અને જો હત્યારાઓ ખુલ્લેઆમ ફરશે તો સમાજમાં કાયદાનો ડર ક્યાં રહેશે.

આરોપીઓની તાત્કાલિક ધરપકડ કરવાની માંગ કરવામાં આવી હતી. જો સ્થાનિક પોલીસ નિષ્ફળ જાય, તો આ કેસની તપાસ ઉચ્ચ કક્ષાએ સોંપવામાં આવે તેવી પણ રજૂઆત કરાઈ હતી. સમાજે માંગ કરી હતી કે આ કેસમાં કોઈ બાંધછોડ




વગર, તમામ દોષિતોને ફાસ્ટ ટ્રેક કોર્ટ દ્વારા જાહેરમાં ફાંસીની સજા થાય.

વધુમાં, આરોપીઓના મકાનો અને મિલકતો પર બુલડોઝર ફેરવી દેવામાં આવે જેથી અન્ય કોઈ આવું કૃત્ય કરતા પહેલા સો વાર વિચારે. આવેદનપત્રમાં ચેતવણી આપવામાં આવી હતી કે જો આ દીકરીને ન્યાય આપવામાં વિલંબ થયો અને આરોપીઓ જલ્દી પકડાયા નહીં, તો આગામી દિવસોમાં હિંમતનગર અને સમગ્ર સાબરકાંઠાનો નાયી સમાજ રસ્તા પર ઉતરી ઉગ્ર આંદોલન, ચક્કાજામ અને પ્રદર્શન કરશે.

## ખેડબ્રહ્માના આંગણવાડી કેન્દ્રના કાર્યકર છાયાબેન રાવલે 'ઉત્તર ઝોન'માં શ્રેષ્ઠ પ્રદર્શન કરી રાજ્ય કક્ષાએ સ્થાન મેળવ્યું

(ગરવી તાકાત) ખેડબ્રહ્મા તા.૨૪

શિક્ષણ અને બાળ વિકાસ ક્ષેત્રે નવીન પ્રયોગોને પ્રોત્સાહન આપવા માટે ડાયેટ (DIET) ઈડર દ્વારા આયોજિત 'જિલ્લા કક્ષાના ઈનોવેશન ફેસ્ટિવલ ૨૦૨૬' માં ખેડબ્રહ્માના ૧૪ આંગણવાડી કેન્દ્રના કાર્યકર શ્રીમતી છાયાબેન રાવલની ઉત્કૃષ્ટ કામગીરીને પગલે તેમની પસંદગી ઝોન કક્ષા માટે કરવામાં આવી હતી.

ત્યારબાદ, તારીખ ૧૧ થી ૧૩ ફેબ્રુઆરી દરમિયાન યોજાયેલ 'ઉત્તર ઝોન કક્ષાના ઈનોવેશન ફેસ્ટિવલ ૨૫-૨૬' માં પણ છાયાબેને પોતાની પ્રતિભાનો પરિચય આપતા શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. આ પ્રભાવશાળી દેખાવને કારણે હવે તેમની પસંદગી રાજ્ય કક્ષાના ઈનોવેશન ફેસ્ટિવલ



માટે કરવામાં આવી છે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ સંસ્થા (DIET), ગાંધીનગર ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં છાયાબેન દ્વારા રજૂ કરવામાં આવેલ તેમનો ઈનોવેટિવ પ્રોજેક્ટ ×વાલીઓનો વિશ્વાસ ક્ષેત્ર× આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.આ પ્રયોગનો મુખ્ય ઉદ્દેશ્ય આંગણવાડી અને વાલીઓ વચ્ચે અતૂટ જોડાણ અને વિશ્વાસ ઊભો કરવાનો છે.જજ પેનલ દ્વારા આ પ્રયોગની મૌલિકતા અને તેની બાળ વિકાસ પર થનારી સકારાત્મક અસરોને ખૂબ જ બિરદાવવામાં આવી હતી.

છાયાબેન રાવલની આ મહેનત અને શિક્ષણ પ્રત્યેના સમર્પણને વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## સાબરકાંઠા-અરવલ્લીના સાંસદની મહત્ત્વપૂર્ણ નિમણૂક : સાંસદ શોભનાબેન બારૈયા કઝાકિસ્તાન સંસદીય મિત્રતા જૂથના સભ્ય બન્યાં

(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૪

સાબરકાંઠા-અરવલ્લી લોકસભાના સાંસદ શોભનાબેન મહેન્દ્રસિંહ બારૈયાની ભારત-કઝાકિસ્તાન સંસદીય મિત્રતા જૂથના સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ નિમણૂકને વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી અમિત શાહ અને લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા દ્વારા આવકારવામાં આવી છે.

આ મિત્રતા જૂથ ભારત અને કઝાકિસ્તાન વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેનો



મુખ્ય ઉદ્દેશ્ય સંસદીય સ્તરે સંવાદ વધારવાનો તેમજ વેપાર, શિક્ષણ, સાંસ્કૃતિક અને આર્થિક સહકારને નવી દિશા આપવાનો છે.સાંસદ શોભનાબેન બારૈયાની આ નિમણૂક તેમના કાર્ય પ્રત્યેના સમર્પણ, સક્રિયતા અને જનહિતના પ્રશ્નો પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. આ નિમણૂક સાબરકાંઠા-અરવલ્લી લોકસભા વિસ્તાર માટે પણ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.


**શ્રી વી.બી.ખરાડી એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર મેઘરજની કોર્ટમાં**

નં.પીઓએલ/જન્મ-મરણ/અપીલ/કેસ.નં.૭૪૦/૨૦૨૫ તા.૨૯/૧૧/૨૦૨૫

**જાહેર નોટીસ**

અરજદારશ્રીઃ ૧. ડામોર કનુભાઈ મણાભાઈ રહે.અજુહિરોલા(બાંઠીવાડા), તા.મેઘરજ જિ.અરવલ્લી.

:: વિરૂધ્ધ ::

સામાવાળાઃ- ૧. રજીસ્ટ્રાર જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, બાંઠીવાડા ગ્રુપ ગ્રામ પંચાયત કચેરી, મુ.અજુહિરોલા(બાંઠીવાડા), તા.મેઘરજ જિ.અરવલ્લી.

વિષયઃ- જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ વિવાદી અરજી.

મોજે.અજુહિરોલા(બાંઠીવાડા), તા.મેઘરજની જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ વિવાદ અરજી.

આથી લાગતા વળગતા તમામ ઇસમોને આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જાણ કરવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં ઉપરોકત અરજદારશ્રીએ તેઓની તા.૨૩/૦૯/૨૦૨૫ની અરજીથી તેઓના પુત્રીશ્રી ડામોર શિલ્પાબેન કનુભાઈ નો તા.૦૨/૦૪/૨૦૧૦ના રોજ મુ.અજુહિરોલા(બાંઠીવાડા) તા.મેઘરજ જિ.અરવલ્લી મુકામે જન્મ થયેલ હોઈ જે બાબતની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા યોગ્ય હુકમ થવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જે બાબતે કોઈ ઈસમોને વાંધો હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહી આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવશે જેની નોંધ લેવી. આજ તા. ૨૯/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી નોટીસ ઈસ્યુકરી.

કોર્ટનો સિક્કો

(વી.બી.ખરાડી)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર મેઘરજ

**શ્રી વી.બી.ખરાડી એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર મેઘરજની કોર્ટમાં**

નં.પીઓએલ/જન્મ-મરણ/અપીલ/કેસ.નં.૩૪/૨૦૨૫ તા.૩૦/૦૧/૨૦૨૬

**જાહેર નોટીસ**

અરજદારશ્રીઃ- ૧. ખરાડી અમરાભાઈ ધર્માભાઈ રહે.માનડા, તા.મેઘરજ જિ.અરવલ્લી.

:: વિરૂધ્ધ ::

સામાવાળાઃ- ૧. રજીસ્ટ્રાર જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, મોટીપંડુલી ગ્રુપ ગ્રામ પંચાયત કચેરી, મુ.માનડા, તા.મેઘરજ જિ.અરવલ્લી.

વિષય : જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ વિવાદી અરજી.

મોજે.માનડા, તા.મેઘરજની જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ વિવાદ અરજી.

આથી લાગતા વળગતા તમામ ઇસમોને આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જાણ કરવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં ઉપરોકત અરજદારશ્રીએ તેઓની તા.૦૬/૦૧/૨૦૨૬ની અરજીથી તેઓના પુત્રીશ્રી ખરાડી યોગીતાબેન અમરાભાઈ નો તા.૧૨/૦૨/૨૦૧૬ના રોજ મુ.માનડા તા.મેઘરજ જિ.અરવલ્લી મુકામે જન્મ થયેલ હોઈ જે બાબતની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા યોગ્ય હુકમ થવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જે બાબતે કોઈ ઈસમોને વાંધો હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહી આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવશે જેની નોંધ લેવી. આજ તા. ૩૦/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી નોટીસ ઈસ્યુકરી.

કોર્ટનો સિક્કો

(વી.બી.ખરાડી)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર મેઘરજ

**શ્રી એસ.ડી.ચૌધરી એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર મેઘરજની કોર્ટમાં**

નં.પીઓએલ/જન્મ-મરણ/અપીલ/કેસ.નં.૬૦૯/૨૦૨૫ તા.૧૪/૧૦/૨૦૨૫

**જાહેર નોટીસ**

અરજદારશ્રીઃ- ૧. ખાંટ કનુભાઈ વાલમભાઈ રહે.શણગાલ, તા.મેઘરજ જિ.અરવલ્લી.

:: વિરૂધ્ધ ::

સામાવાળાઃ- ૧. રજીસ્ટ્રાર જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, શણગાલ ગ્રુપ ગ્રામ પંચાયત કચેરી, મુ.શણગાલ, તા.મેઘરજ જિ.અરવલ્લી.

વિષયઃ- જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ વિવાદી અરજી.

મોજે.શણગાલ, તા.મેઘરજની જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ વિવાદ અરજી.

આથી લાગતા વળગતા તમામ ઇસમોને આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જાણ કરવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં ઉપરોકત અરજદારશ્રીએ તેઓની તા.૧૩/૦૮/૨૦૨૫ની અરજીથી તેઓના પુત્રીશ્રી ખાંટ મમતાબેન કનુભાઈ નો તા.૨૫/૦૫/૨૦૧૫ના રોજ મુ.શણગાલ તા.મેઘરજ જિ.અરવલ્લી મુકામે જન્મ થયેલ હોઈ જે બાબતની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા યોગ્ય હુકમ થવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જે બાબતે કોઈ ઈસમોને વાંધો હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહી આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવશે જેની નોંધ લેવી. આજ તા.૧૪/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી નોટીસ ઈસ્યુકરી.

કોર્ટનો સિક્કો

(એસ.ડી. ચૌધરી)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર મેઘરજ


## સંક્ષિપ્ત સમાચાર

### વિસનગરના ખંડોસણ પ્રાથમિક શાળા માં આનંદ મેળો યોજાયો



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૪

વિસનગર તાલુકાના વાલમ ક્લસ્ટર ની ખંડોસણ પ્રા. શાળા માં આનંદ અને મનોરંજનથી ભરેલો મેળો એટલે આનંદમેળો યોજાયો. તેમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. વિદ્યાર્થીઓ અલગ-અલગ ખાણી-પીણીના ૯ સ્ટોલ લગાવ્યા હતા. સાથે રમતોનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમ શૈક્ષણિક તેમજ સામાજિક વિકાસ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ મેળાથી વિદ્યાર્થીઓમાં સહકાર અને જવાબદારીની ભાવના વિકસે છે.

### વિજયનગરના ચિઠોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રક્તદાન કેમ્પમાં ૨૦ યુનિટ રક્ત એકત્રિત કરાયું



(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૪

સાબરકાંઠા જિલ્લામાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ ×રક્તદાન મહાદાન×ના અભિગમ સાથે યોજાઈ રહેલા અભિયાન અંતર્ગત ચિઠોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં આરોગ્ય ટીમ દ્વારા વનબંધુ વિસ્તારમાં કરવામાં આવેલા સઘન પ્રચાર-પ્રસાર અને રક્તદાનના મહત્વની સમજણને પરિણામે કુલ ૨૦ યુનિટ રક્ત એકત્રિત થયું હતું. આ રક્તનો ઉપયોગ અતિ જોખમી સગર્ભા માતાઓ, નવજાત શિશુઓ તેમજ ટીબી, કેન્સર અને સિકલ સેલ જેવી ગંભીર બીમારીઓથી પીડાતા દર્દીઓની સમયસર સારવાર માટે કરવામાં આવશે, જે જરૂરિયાતમંદો માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

### આજે ખેડબ્રહ્મા ખાતે 'કૃષિ મેળો-વ-પ્રાકૃતિક કૃષિ પ્રદર્શન' યોજાશે

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા ખાતે આજે તા.૨૫-૦૨-૨૦૨૬, બુધવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે 'ખેડૂત તાલીમ કેન્દ્ર' ખાતે ×ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ× તથા ×કૃષિ કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ× બોર્ડ અંતર્ગત ×કૃષિ મેળો-વ-પ્રાકૃતિક કૃષિ પ્રદર્શન×નું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે, જળ અને જમીનનું સંરક્ષણ થાય તથા ખેડૂતો આર્થિક રીતે સદ્ધર બને તેવા ઉમદા હેતુથી માનનીય રાજ્યપાલશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. સાબરકાંઠા જિલ્લાના ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી અંગે વ્યાપક જાગૃતતા લાવી આ અભિયાનને એક 'જન આંદોલન' બનાવવાનો મુખ્ય લક્ષ્યાંક આ કાર્યક્રમ દ્વારા રાખવામાં આવ્યો છે.

આ કાર્યક્રમ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી ભારતીબેન પટેલના અધ્યક્ષસ્થાને યોજાશે. જેમાં મુખ્ય મહેમાન તરીકે રાજ્યસભાના સાંસદ શ્રીમતી રમીલાબેન બારા અને લોકસભાના સાંસદ શ્રીમતી શોભનાબેન બારૈયા વિશેષ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત, અતિથિ વિશેષ તરીકે હિંમતનગરના ધારાસભ્ય શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા, ઈડરના ધારાસભ્ય શ્રી રમણલાલ વોરા, પ્રાંતિજના ધારાસભ્ય શ્રી ગજેન્દ્રસિંહ પરમાર અને ખેડબ્રહ્માના ધારાસભ્ય ડૉ. તુષારભાઈ ચૌધરીની પ્રેરક ઉપસ્થિતિ રહેશે.

નાયબ ખેતી નિયામકશ્રી (તાલીમ), ખેડૂત તાલીમ કેન્દ્ર-ખેડબ્રહ્મા દ્વારા આયોજિત આ મેળામાં જિલ્લાના મોટી સંખ્યામાં ખેડૂત ભાઈ-બહેનો ઉપસ્થિત રહેશે. આ પ્રદર્શનમાં વિશેષ રૂપે જિલ્લાના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોની પ્રાકૃતિક ખેત પેદાશોના સ્ટોલ્સ તેમજ અન્ય આધુનિક ખેતી વિષયક માહિતી આપતા સ્ટોલ્સનું પણ આયોજન કરવામાં આવ્યું છે. પ્રાકૃતિક ખેતીના આ અભિયાનમાં સહભાગી થવા અને પ્રદર્શનનો લાભ લેવા જાહેર જનતા અને ખેડૂતોને હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### યુપી વિધાનસભા ચૂંટણી પહેલા યુપીમાં મોટો રાજકીય પરિવર્તન આવી શકે છે

લખનૌ,તા. ૨૪

સપાના ઘણા બળવાખોર ધારાસભ્યો હાલમાં શાસક પક્ષમાં અપેક્ષિત મહત્વ ન મળવાને કારણે અસ્વસ્થતા અનુભવી રહ્યા છે. તેમાંથી એક કે બેએ તો સપા નેતૃત્વનો સંપર્ક પણ કર્યો છે. રાજકીય સૂત્રો સૂચવે છે કે સપા પ્રમુખ અખિલેશ યાદવે આ બળવાખોર ધારાસભ્યો અંગે પરિસ્થિતિ સ્પષ્ટ કરી છે.યુપીમાં ફેબ્રુઆરી ૨૦૨૪ માં રાજ્યસભાની ચૂંટણીઓ યોજાઈ હતી. આઠ ભાજપના અને બે સપાના ઉમેદવારો જીત્યા હતા. સપાના સાત ધારાસભ્યો - મનોજ પાંડે, રાકેશ પ્રતાપ સિંહ, અભય સિંહ, રાકેશ પાંડે, પૂજા પાલ, વિનોદ ચતુર્વેદી અને આશુતોષ મૌર્ય - એ ભાજપના ઉમેદવારની તરફેણમાં મતદાન કર્યું હતું. આના પરિણામે આઠમા ભાજપના ઉમેદવાર, સંજય સેઠનો વિજય થયો, જ્યારે ત્રીજા સપા ઉમેદવાર, ભૂતપૂર્વ મુખ્ય સચિવ આલોક રંજન, ચૂંટણી હારી ગયા.સપાએ પાછળથી તેના ચાર બળવાખોર ધારાસભ્યો - મનોજ પાંડે, અભય સિંહ, રાકેશ પ્રતાપ સિંહ અને પૂજા પાલ - ને પાર્ટીમાંથી હાંકી કાઢ્યા.

Volume : 11 Issue : 309 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002